પ્રગતિ શબ્દ કેટલો સુદર લાગે છે પ્રગતિ સૌને ગમે છે, બહુજન મુખથી આપણને સાભળવા મળે છે કે આજે પ્રગતિનો જમાનો છે "આગળ વધો" "આગે કૂચ કરો" પ્રગતિ કરો ની સર્વત્ર સર્વદા સર્વથા સૌ આજ પોકારી રહ્યા છે એ માટે ફદકે અને ભૂસ્કે પ્રયત્ન કરવા છતા પરિણામ શૂન્ય જણાય છે સમયનો વ્યય પૈસાનો દુર્વ્યય, અને પુષ્કળ પરિશ્રમ છતા જ્યારે પરિણામ Result શૂન્ય આવે તો કેવી શોચનીય સ્થિતિ ગણાય! આમ થવાનુ શુ કારણ છે.? આનો કદી કોઇએ વિચાર સરખોય કર્યો નથી, બકરીની બે બે ની જેમ ગતાનુગતિક

આપણે આજે આધળી દોટ મૂકી રહ્યા છીએ ચિંતન મનન અને નિદિધ્યાસનની વાત તો દૂર રહી પણ સત્ શ્રવણથી પણ સો ગાઉ આજે આપણે વેગળા છીએ. પ્રગતિની આધળી દોટમા જેમ પેલા ગાડાવાળાઓ એકબીજાની હરિ-મા આખમીંચીને ગાડાઓ દોડાવતા એક સાથે એક પછી એક એમ અથડાયા અને ચૂરે ચૂરા થઈ ગયા આપણી પણ આવી જ સ્થિતિ છે આજે આપણે ભૌતિક પ્રગતિમા આખ મીચીને દોટ મૂકી રહ્યા છીએ

જ્ઞાનીઓ કહે છે કે વાસ્તવમા આ પ્રગતિ નથી, આ તો અધોગતિમા લઈ જનારી અવગાત પ્રગતિનો વાસ્તવિક અર્થ છે ઉર્ધ્વગમન કરવુ, મતલબ આત્માની જે પરાકાષ્ટિ-પરાકાષ્ઠા ઉચ્ચ દશા યાને પરમાત્મદશાને પ્રાપ્ત કરવી તેનુ નામ છે પ્રગતિ ત્યારે આજે આપણે જડવાદની પ્રગતિ દ્વારા ખરેજ અધોગમન કરી રહ્યા છીએ આત્મિક વિકાસ વગરની ભૌતિક પ્રગતિએ જગતમા અશાતિ ભય અને વિનાશ સર્જ્યો છે ભય, અશાતિ અને વિનાશક વાતાવરણ દૂર કરવા આત્મવિકાસ અત્યત આવશ્યક છે જો આમ ન થાયતો ગમે તેટલી વિપુલ સાધન સામગ્રી અને ભૌતિક વિકાસના સાધનો આજન્મમા કેવળ વિનાશનુ સર્જન તો શુ પણ જન્મો જન્મ વિનાશની ગહરી ગર્તામા આત્માને પડવુ પડશે ભલાને પૂછવામા આવે કે-આજે કોની પ્રગતિ થઈ રહી છે આત્માની કે જડની ? જડની પ્રગતિ અને વિકાસ તો જન્મો જન્મ કર્યો પણ અતે તો એનો વિનાશ જ છે

વિના પક્ષપાતે મારે કહેવુ જોઇએ કે આ સદીમા અત્યત પ્રસિદ્ધિ પામેલા અમારા સ્વ પરમ ગુરુદેવ કવિ કુલકીરિટ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહાજનો આધુનિક કવિવરોમા મહત્વનો ફાળો છે આજની ઉગતી યુવાન પ્રજાપર તેમણે સેકડો સ્તવનો રચી ભારે ઉપકાર કર્યો છે

જૂના સ્તવનોની જેમ નવા સ્તવનો પણ ભાવવાહી રસપ્રદ અને ભક્તિ રસમા તરબોળ કરી દે તેવા હોય છે

આપણને તો શાસ્ત્રસમત "જૈનગુર્જર કાવ્યોના બીજા ભાગની પ્રસ્તાવના" જૂનુ હોય કે નવુ હોય બધુ જ માન્ય છે

પ્રગતિ

પ્રગતિ શબ્દ કેટલો સુદર લાગે છે પ્રગતિ સૌને ગમે છે, બહુજન મુખથી આપણને સાભળવા મળે છે કે આજે પ્રગતિનો જમાનો છે "આગળ વધો" "આગે કૂચ કરો" પ્રગતિ કરો ની સવત્ર સર્વદા સર્વથા સૌ બાગ પોકારી રહ્યા છે એ માટે ફકે અને ભૂસકે પ્રયત્ન કરવા છતા પરિણામ શૂન્ય જણાય છે સમયનો વ્યય પૈસાનો દુર્વ્યય, અને પુષ્કળ પરિશ્રમ છતા જ્યારે પરિણામ Result શૂન્ય આવે તો કેવી શોચનીય સ્થિતિ ગણાય! આમ થવાનુ શુ કારણ છે? આનો કદી કોઇએ વિચાર સરખોય કર્યો નથી, બકરીની બે બે ની જેમ ગતાનુગતિક

પત્ર, વિના તાર ટેલીફોન, વિના ચક્ષુ, ત્રણે જગતને હસ્તામલકવત્ જોઈ શકે છે અને જાણી શકે છે આત્માના વિકાસમા નથી કોઈની બરબાદી, નથી કોઈ નો નાશ નથી જરૂર પૈસાની, એટમબોમ્બના એક અખતરામા પણ હજારો લાખ્ખો નહિ બ'કે અસખ્ય નિર્દોષ જીવોનો સહાર-વિનાશ છે ખોદ્યો ડુગર અને નીકળ્યો ઉંદર જેવી સ્થિતિ છે જ્યારે આત્માની પરમોચ્ચ દશા પ્રાપ્ત કરવામા સર્વ જીવોને અભય મળે છે મનથી વચનથી અને કાયાથી પણ કોઈને દુભવવાનો હોતો નથી, સર્વથા અહિંસક ભાવ, સર્વથા ચોરીનોત્યાગ-સર્વદા સત્ય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને પરિગ્રહની મૂર્છા દૂર કરવાની હોય છે કેવુ સુદર જીવન, કેવી ઉચ્ચ દશા, કેવી સુદર સાધના અને ફળ કેવા રૂડા અને મીઠા, જે એનો આસ્વાદ કરે તે અમર બની જાય, આત્મામા અનત ખજાનો ભર્યો છે આત્મા અનત જ્ઞાનનો ભડાર છે શક્તિનો અખૂટ અને અતૂટ ખજાનો છે અને આત્મામા સુખનો મજાનો ખજાનો ભરેલો છે પણ આ વાત-આવુ શિક્ષણ નથી તો કોઈને, શાળા હાઈસ્કુલ કોલેજ કે યુનિવર્સિટીમા મળતુ, નથી બજારમા કે-ઘરમા મળતુ સર્વત્ર કેવળ ભૌતિક વિકાસની જ વિચારણા ચાલે છે એનુ જ શિક્ષણ અને એવી જ કેળવણી આપવામાં આવે છે "વિદ્યાનુલક્ષ્ય" સાવિદ્યાયાવિમુક્તયે એ ભૂલાઈ ગયુ છે ખુદ માસ્ટરો, શિક્ષકો અને પ્રોફેસરો જ જ્યા આ વસ્તુ સામે આખમીચામણા કરતા હોય, ત્યા શુ પ્રાપ્ત થાય. આ-વસ્તુને તો ઘૃણા અને સૂગની

જન્મ જન્મમાં ઘર બાંધ્યા પૈસા ભેગા કર્યા, ઘરે ઘરેણાં કુટુંબ આ બધું અને વિવિધ વૈભવ વિલાસની વિપુલ સામગ્રી એકઠી કરી પણ અંતે બધું જ અહીં મૂકીને વિદાયગીરીએ આત્માને વિદાય લેવી પડે છે. જલ-જળના જેવા કર્મરૂપી ઊઠે તેવી તે વખતની કરુણ સ્થિતિ હોય છે ત્યારથી આત્મા કુતરા બિલાડાના, દેવ-યા મનુષ્ય ભવમાં અરે નરકમાં પહોંચી જાય છે એમ અનુગતિમ આત્માનું પરિભ્રમણ અનાદિ કાળથી ચાલુ છે "ઘર કૂવાના પ્રમાણ-પાણીના ઘડા જેવી દશા પાછા ખાલી ત્યાં જન્મ જન્મમાં પ્રયત્ન કરવા છતાં હજુ એ ઉપાય જડ્યો નથી અને દરેક જન્મમાં પાપ બોજ કરે છે જેથી તે નીચે ને નીચે જાય છે ચેતન અને જડ બન્નેમાં અમર-અવિનાશી અને અખંડ તો આત્મા છે માટે જ ગીતામાં પણ કહ્યું છે કે "નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ" આ આત્માને અગ્નિ નવા દાવાનળ કે વડવાનળ બાળી શકતો નથી, અગ્નિ તેમાં સ્વયંભૂરમણ સમુદ્ર કેમ ન હોય તે તેને ડુબાડી શકતો નથી, વાયુ તેને શોષી શકતો નથી આત્માનો વાળ વાંકો કરવાની તાકાત જડમાં નથી કારણ આત્મા અમર છે અવિનાશી છે અને અખંડ છે જ્યારે જડ-પુદ્ગલ સડન પડન ગલન અને નાશ સ્વરૂપ છે આમ હોવા છતાં આજે ભૌતિક વિકાસની પાછળ જગત ગાંડુ ઘેલું બન્યું છે પોતાના પ્રાણ પાથરે છે, કીમતી સમયનો ઉપયોગ આત્મ વિકાસાર્થે કરવામાં આવે તો આત્મા પરમાત્મ દશાને મેળવીશે. વિના સાધન સામગ્રી વિના

યંત્ર, વિના તાર ટેલીફોન, વિના ચક્ષુ, ત્રણે જગતને હસ્તામલકવત્ જોઇ શકે છે અને જાણી શકે છે આત્માના વિકાસમાં નથી કોઈની બરબાદી, નથી કોઇ નો નાશ નથી જરૂર પૈસાની, એટમબોમ્બના એક અખતરામાં પણ હજારો લાખો નહિ બલ્કે અસખ્ય નિર્દોષ જીવોનો સહાર–વિનાશ છે ખોદ્યો ડુંગર અને નીકળ્યો ઉંદર જેવી સ્થિતિ છે જ્યારે આત્માની પરમોચ્ચ દશા પ્રાપ્ત કરવામાં સર્વ જીવોને અભય મળે છે મનથી વચનથી અને કાયાથી પણ કોઇને દુભવવાનો હોતો નથી, સર્વથા અહિંસક ભાવ, સર્વથા ચોરીનોત્યાગ–સર્વદા સત્ય, નૈષ્ઠિક બ્રહ્મચર્ય અને પરિગ્રહની મૂર્છા દૂર કરવાની હોય છે કેવું સુંદર જીવન, કેવી ઉચ્ચ દશા, કેવી સુંદર સાધના અને ફળ કેવા રૂડા અને મીઠા, જે એનો આસ્વાદ કરે તે અમર બની જાય, આત્મામાં અનંત ખજાનો ભર્યો છે આત્મા અનંત જ્ઞાનનો ભંડાર છે શક્તિનો અખૂટ અને અતૂટ ખજાનો છે અને આત્મામાં સુખનો મજાનો ખજાનો ભરેલો છે પણ આવાત–આવું શિક્ષણ નથી તો કોઈને, શાળા હાઈસ્કુલ કોલેજ કે યુનિવર્સિટીમાં મળતું, નથી બજારમાં કે–ઘરમાં મળતું સર્વત્ર કેવળ ભૌતિક વિકાસની જ વિચારણા ચાલે છે એતુ જ શિક્ષણ અને એવી જ કેળવણી માપવામાં આવે છે "વિદ્યાનુલક્ષ્ય" સાવિદ્યાયાવિમુક્તયે એ ભૂલાઈ ગયું છે ખુદ માસ્ટરો; શિક્ષકો અને પ્રોફેસ રોજ જ્યાં આ વસ્તુ સામે આંખમીચામણા કરતા હોય, ત્યાં શું પ્રાપ્ત થાય આ–વસ્તુને તો ધૂણા અને સૂગની

નજરે જોવામા આવે છે માટે જ કહેવુ પડયુ છે કે ખરેખર માનવ આજે અધોગતિના પથે પ્રયાણ કરી રહ્યો છે એ સામાન્ય ગુણોના જીવનમા વિકાસ થવો જોઈએ તે પણ જ્યારે જીવનના ન દેખાય ત્યારે શિખવનો દોષ કાઢવો શિક્ષકનો દોષ કાઢવો કે શીખનારનો દોષ કાઢવો

ત્યારે વાસ્તવિક પ્રગતિ કઈ? અને આ મ વાસ્તવિક પ્રગતિ ક્યારે કરી શકે, એ બધુ હોય તો સાધુસતોને મળો-સત્સગ કરો ગતિ પ્રગતિ પ્રવીન-આ ત્મ શાસ્ત્ર-અવલોકન કરો તો જરૂર અ તરચક્ષુ ખુલી જશે આ મહામૂલો માનવ દેહ આમ ભૌતિક વૈ વ વિલાસ અને સુખ સાહ્યબીમા વ્યર્થ ગુમાવવાના નથી પણ આ માનવ દેહ દ્વારા દેવો પણ જે કાય કરવા અસમર્થ છે તે કર્ય યાને આત્મ વિકાસ કરી અ તરને અજવાળી, પાપને પખાળી કર્મોને બાળી, વિભાવ-દશાને ટાળી આત્માની પરમોચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવાનુ છે

આત્મવિકાસ અને આત્મિક પ્રગતિ કેમ થાય તે માટે સતત ચિંતન-મનન અને નિદિધ્યાસનની જરૂર છે સૌથી મુખ્ય આત્મા છે આત્મા છે તો બધુ છે આ ના નથી તો કઇ નથી, આત્મા નીકળી ગયા પછી કઇ જ કામ આવવાનુ નથી, ત્યારે સૌથી વધુમા વધુ કિંમતી એ આત્મા છે એ વાત ન ભૂલવી જોઈએ માટે જ એના [illegible] અને પ્રગતિની અત્યત અ [illegible]
કર્મોથી અવમરાલી દશા [illegible]

[૩]

દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતનું સ્વરૂપ

સવિ જીવ કરૂં શાસન રસી,
ઇસી ભાવદયા મન ઉલ્લસી

શ્રી તીર્થંકરદેવોના આત્માઓ એમના પૂર્વના ત્રીજા ભવે એવી ઉચ્ચકોટિની ભાવનાથી આત્માને ભાવિત કરે છે કે-ક્યારે હું વિશ્વના સમગ્ર જીવોને જન્મ-મરણની બેડીથી મુક્ત કરૂં ? આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ તાપથી સંતપ્ત જીવોને દુઃખ રહિત બનાવું ! સઘળાય પ્રાણીઓને, વિશ્વના સમસ્ત જીવોને અને બ્રહ્માંડના સકળ આત્માઓને પ્રભુશાસનના રસીયા બનાવું ! સૌને ધર્મભાવનાથી ઓતપ્રોત બનાવું ! અને સૌનું કલ્યાણ થાવ આવી ઉચ્ચકોટિની અનુપમ અને સુંદર ભાવના ભાવવાના કારણે એ પુણ્યાત્માઓ શ્રી તીર્થંકર ગોત્ર જેવી મહાન અને ઉત્તમ પુણ્ય પ્રકૃતિની નિકાચના કરે છે

સૌ સુખી થાવ ! સૌ દુઃખ મુક્ત બનો !
સૌનું કલ્યાણ થાવ ! સૌ દોષ રહિત બનો !

આ ભાવના એમનાં રોમ-રોમમા અને એમની નસેનસમા વસી હતી ત્યારે જ એ પુણ્યપુરૂષો શ્રી તીર્થંકર પદ જેવા મહાન પદને વર્યા હતા

તેમના પુણ્યનો પરિપાક અસાધારણ હોય છે શ્રી તીર્થંકર દેવના આત્માઓ પ્રકૃષ્ટ પુણ્યશાળી, અપ્રતિમ પ્રભાવશાળી, મહાન સૌભાગ્યશાળી અને અત્યત વૈભવશાળી હોય છે

દેવલોકમાથી ચ્યવીને શ્રી તીર્થંકરદેવોના આત્માઓ જ્યારે માતાના ગર્ભમા આવે છે ત્યારે ત્રણે ભુવનમા અજવાળા-અજવાળા પથરાય છે સમસ્ત લોકમા આનદની અપૂર્વ લહરી ફરી વળે છે શ્રી તીર્થંકરદેવોનો જન્મ ઉચ્ચા રાજવશીય ક્ષત્રિયકુળમા થાય છે તેમના જન્મ સમયે સાત ગ્રહો ઉચ્ચ સ્થાનમા હોય છે એક સમય પણ ન્યુનાધિક નહિ એવી મધ્યરાત્રિએ તેઓ જન્મ લે છે જન્મતા જ સૌધર્મેન્દ્રનુ આસન કપી ઉઠે છે ૬૪ ઈન્દ્રો અને ક્રોટાક્રોટિ દેવતાઓ પરમાત્માને મેરૂપર્વત ઉપર લઇ જઇ અપૂર્વ ઉત્સાહથી અનેરા આનદ સાથે અને અત્યત ભક્તિભાવ ભર્યા હૈયે તેમનો ઠાઠમાઠથી જન્માભિષેક કરે છે નારક જેવા મહાદુખી આત્માઓ પણ પ્રભુના જન્મ સમયે ક્ષણભર સુખનો આસ્વાદ અનુભવે છે, દેવ-દુદુભિના નાદથી ગગન ગુજી ઉઠે છે ધરતી પણ આનદથી શ્વાસ લેવા મડી પડે છે વાયુ પણ મદ મદ મધુર શીતળ અને સુખપ્રદ વાય છે સર્વેત્ર આમ

નગર, પુર અને જનપદ વાસીઓ આનંદ-કલ્લોલ કરે છે પક્ષીઓ કિલકિલાટ કરતા હોય છે, દુઃખ, ઉપદ્રવ કે વિઘ્નનું નામ નિશાન હોતું નથી દુષ્કાળનો અભાવ હોય છે સ્વપર ચક્રના ભય રહિત મેદની હોય છે

શ્રી તીર્થંકરદેવો કોટિ કોટિ સૂર્ય અને ચન્દ્રની કાંતિથી પણ અધિક કાંતિમાન અને તેજસ્વી હોય છે લાખો-ક્રોડો તો શું બલ્કે અસંખ્યાત દેવો અને દેવેન્દ્રો, અસુરો અને અસુરેન્દ્રો અને સમસ્ત માનવ જાત પણ ભેગા મળી શ્રી જિનેશ્વરદેવની એક ટચલી આંગળીને પણ નમાવવા અસમર્થ બને છે એવા એ અસીમધારેણુ શક્તિશાળી યાને અનંતબળી હોય છે; ગર્ભમાંથીજ એ પુણ્યાત્મા અરિહંતદેવના આત્માઓ નિર્મળ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના ધણી હોય છે તેમનું જ્ઞાન પરિપૂર્ન હોય છે વિશ્વના સકળ જીવોમા, રૂપમા તેઓ પ્રથમ નંબરે હોય છે ૧૦૦૮ બાહ્ય લક્ષણોથી વિભૂષિત અને પારાવાર અભ્યંતર લક્ષણોથી યુક્ત હોય છે એટલે રૂપવૈભવ, કાંતિ વૈભવ, પુણ્ય વૈભવ, ગુણ વૈભવ, શક્તિ વૈભવ, જ્ઞાનવૈભવ એમ અનેરા અનેક વૈભવને ધારણ કરનારા હોય છે સાગર જેવા ગંભીર, ચન્દ્રમા જેમ સૌમ્ય, સૂર્ય જેવા તેજસ્વી, હસ્તિ જેવા શૂરવીર, સિંહ જેવા દુર્દમ, ભારંડ જેવા અપ્રમત્ત, મેરૂ જેવા અડગ, વજ્ર ઋષભનારાચ સંઘયણથી શોભતા, સમચતુરસ્ર સંસ્થાનયુક્ત, પ્રમાણોપેત લક્ષણ યુક્ત અંગોપાંગથી દીપતા જગતમા અજોડ અને અનુપમ મહાપુરૂષ શ્રી તીર્થંકરદેવો હોય છે.

એ પરમ પુણ્યાત્મા દેવાધિ દેવના ૩૪ અતિશયોમા ચાર મૂળ અતિશય છે

૧ જ્ઞાનાતિશય, કેવળજ્ઞાન હોવુ, ત્રણે લોકના અને ત્રણે કાળના સ પૂર્ણ જ્ઞાતા

૨ વચનાતિશય–પાત્રીશ ગુણોવાળી વાણી

૩ પૂજાતિશય–સુરો અસુરો, દેવેન્દ્રો તથા મનુષ્યોના સ્વામીઓ વડે પૂજાવુ

૪ અપાયાપગમાતિશય–દરેક પ્રકારના અપાયોનો–ઉપદ્રવોનો અને આફતોનો નાશ થવો

૩૪ અતિશયો

૧ લોકોત્તર અદ્ભૂત સ્વરૂપવાન દેહ તેમજ શરીરમા પરસેવો કે મેલ થાય નહિ

૨ સુગંધિત શ્વાસોશ્વાસ

૩ માસ અને રૂધિર દુધની માફક શ્વેત

૪ 'આહાર અને નિહાર' ચર્મચક્ષુવાળા જોઈ ન શકે માટે અદૃશ્યપણુ

(ઉપરના અતિશયો) જન્મતાની સાથે જ ઉત્પન્ન થાય છે

૫ સમવસરણની રચના

એક જોજનના આ સમવરણમા કોડો દેવ–દેવી અને નરનારીઓ બેસે તો પણ જરાય સકડામણ ન થાય અને કોઈને અકળામણ પણ ન થાય

૧૭ પરમાત્માના વિહારમા અથવા સ્થિર વાસમા શ્વેત ચામરો વીંઝાતા રહે

૧૮ તીર્થંકરદેવોના મસ્તક ઉપર ત્રણું છત્ર રહે

૧૯ પાદપીઠ સહિત સિંહાસન આકાશમા ચાલે

૨૦ રત્નમય એક હજાર જોજનનો ઉંચો ઇંદ્રધ્વજ આગળ ચાલે

આ પાચે અતિશય શ્રી તીર્થંકરદેવો વિચરતા હોય ત્યારે સાથે ચાલે અને જ્યારે બિરાજતા હોય ત્યા યોગ્ય સ્થળે ગોઠવાઈ જાય

૨૧ વિહારમા સુવર્ણના માખણ જેવા કોમળ-સુવાળા નવ કમળ દેવો બનાવે છે ત્રણ પ્રભુની આગળ, ત્રણ પાછળ અને વચમા ત્રણ, ભગવાન ચાલતા જાય તેમ કમળો આગળ આવતા જાય

૨૨ સમવસરણની આસપાસ રત્નનો, સુવર્ણનો, અને રજતનો એમ ત્રણ ગઢ હોય છે એકેક દિશામા વીસ-વીસ હજાર પગથીયા હોય છે

૨૩ શ્રી તીર્થંકરદેવો પૂર્વ દિશા સન્મુખ મુખ રાખીને સમવસરણમા બિરાજે છે અને બાકીની દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર દિશામા દેવો ત્રણ રૂપ ભગવાનના કરે છે, તેમજ તીર્થંકરદેવો અતિ તેજસ્વી હોવાથી મનુષ્યો વગેરે પ્રભુ સન્મુખ જોઈ ન શકે તેથી પ્રભુના મસ્તક પાછળ બાર સૂર્યનુ તેજ સહરી શકે તેવુ ભામડળ હોય છે

૨૪ તીર્થંકરદેવોના શરીરની ઉચાઇથી બાર ગણો ઉચો અશોકવૃક્ષ રચવામા આવે છે

૨૫ માર્ગમા રહેલા કટકો-કાટાઓ અધોમુખ થાય છે

૨૬ માર્ગમા રહેલાં વૃક્ષો-ડાળીઓ ઝુકાવીને નમન કરે છે

૨૭ આકાશમા દેવ-દુદુભિ વાગે છે

૨૮ સવર્તક જાતિના પવનના વહેવાથી કચરો આદિ દુર થાય છે અને સર્વને સુખદાયક સુગધી-શીતળ મદ પવન વાય છે

૨૯ પક્ષીઓ પણ પ્રભુને પ્રદક્ષિણા આપે છે

૩૦ સુગધીદાર જળની વૃષ્ટિ થાય છે

૩૧ પચવર્ણના પુષ્પોની વૃષ્ટિ થાય છે ફુલો સચિત્ત હોય છે, અને ઢીચણ સુધી પહોચવા છતા લાખો દેવો, મનુષ્યો ચાલે છતા તેને કિલામણા થાય નહિ,

૩૨ શ્રી તીર્થંકરદેવના મસ્તકના કેશ, દાઢી, મૂછ, તથા હાથ-પગના નખોની વૃદ્ધિ થતી નથી

૩૩ કેવળજ્ઞાન થયા પછી ઓછામા ઓછા ક્રોડ દેવો પરમાત્માની સેવામા હાજર રહે છે

૩૪ સર્વ ઋતુઓ અનુકૂળ બની સમકાળે ફળે છે

આ ચોત્રીશ અતિશયો શ્રી તીર્થંકરદેવોને જ હોય છે

ચોત્રીસ અતિશયોનો સક્ષેપ કરીને તેને શ્રી અરિ

હતદેવના ૧૨ ગુણો તરીકે ઓળખવામા આવે છે, તે નીચે મુજબ છે

આઠ પ્રાતિહાર્ય—૧ અશોકવૃક્ષ, ૨ સુરપુષ્પ વૃષ્ટિ, ૩ દિવ્યધ્વનિ, ૪ ચામર, ૫ આસન, ૬ ભામડળ, ૭ દુદુભિ, ૮ છત્ર, ૯ જ્ઞાનાતિશય, ૧૦ વચનાતિશય, ૧૧ પૂજાતિશય અને ૧૨ અપાયાપગમાતિશય દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમા ૨૪–૨૪ તીર્થંકરો થાય છે તે પ્રમાણે ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિવાસુદેવ અને ૧૨ ચક્રવર્તી થાય છે

આજ સુધીમા અનતી ઉત્સર્પિણી અને અવસર્પિણી થઇ ચુકી છે અને ભવિષ્યમા અનતી ઉત્સર્પિણી અને અવસર્પિણી થવાની છે.

વીસ વિરહેમાન તીર્થંકરો

મહાવિદેહ ક્ષેત્રમા વર્તમાનકાળમા ૨૦ તીર્થંકરદેવો બિરાજમાન છે,

જબુદ્વીપનો મહાવિદેહના ૪ તીર્થંકર ધાતકીખડના બે મહાવિદેહના ૮ તીર્થંકર પુષ્કરાર્ધદ્વીપના બે મહાવિદેહના ૮ તીર્થંકર ૪+૮+૮=૨૦

બે ક્રોડ કેવળજ્ઞાની સપ્રતિ વિદ્યમાન છે અને વીસ અબજ સાધુઓ પાચે મહાવિદેહ ક્ષેત્રમા હાલવિચરી રહ્યા છે એકેક તીર્થંકરના ૧૦ લાખ કેવળજ્ઞાની સાધુઓ અને એક અબજ સાધુઓ હોય છે

જમ્બુદ્વીપના મહાવિદેહના ૧ શ્રી [illegible] ૨ શ્રી યુગમધર, ૩ શ્રી બાહુ, ૪ શ્રી સુબાહુ

શ્રી ધાતકીખડના ૧ શ્રી સુજાત, ૨ શ્રી [illegible] ૩ શ્રી ઋષભાનન, ૪ અનતવીર્ય ૫ શ્રી [illegible] ૬ શ્રી વિશાલ, ૭ શ્રી વજ્રધર, ૮ શ્રી [illegible]

પુષ્કરાર્ધદ્વીપના ૧ શ્રી ચદ્રબાહુ ૨ શ્રી [illegible] ૩ શ્રી ઇશ્વર, ૪ શ્રી નેમિપ્રભ, ૫ શ્રી [illegible] ૬ શ્રી મહાભદ્ર, ૭ શ્રી દેવયશા, ૮ શ્રી [illegible]

ત્યા દરેક તીર્થંકરની કાયા પાચસો [illegible] છે.

દરેક તીર્થંકરનુ આયુષ્ય ૮૪ લાખ [illegible]

પૂર્વ એટલે ૮૪ લાખ વર્ષ [illegible] ગુણાકાર કરતા જે સખ્યા આવે તેને [illegible] છે

એક પૂર્વના વર્ષ, નીચે [illegible] ૬,૦૦૦,૦૦૦૦૦૦૦ વર્ષ, સીત્તેર [illegible] વર્ષ થાય ત્યારે શ્રી અજિતનાથ [illegible] આ અવનિતલમા વિહરતા હતા, [illegible] તીર્થંકરો વિચરતા હતા

એકેક મહાવિદેહની [illegible] વિજય હોય છે અને દરેક વિજયમા તે વારે [illegible] હોય છે ૩૨×૫=૧૬૦ (પાચ મહાવિદેહ [illegible] ઐરાવતમા કુલ ૧૭૦ છે

તે [illegible]

'નમો અરિહંતાણં' આ એક પદ દ્વારા ત્રણે કાળના ભૂત, ભવિષ્ય, અને વર્તમાનના અનંતા તીર્થંકરદેવોને નમસ્કાર થાય છે

માટે જ કહ્યું છે કે-

ઈક્કોવિનમુક્કારો, જિણવર વસહસ્સ વદ્ધમાણસ્સ
સંસાર સાગરાઓ, તારેઈ નરવ નારિવા

શ્રી જિનેશ્વરદેવને એકવાર કરેલો નમસ્કાર સંસાર સાગરથી તારે છે ચાહે પછી તે સ્ત્રી હોય કે પુરુષ હોય!

શ્રી તીર્થંકરદેવોની વાણી ૩૫ અતિશય યુકત હોય છે ૩૫ અતિશયો નીચે મુજબ છે

૧ સંસ્કારત્વ-તેમની વાણી વ્યાકરણના નિયમોથી યુકત હોય છે

૨ ઔદાત્ય-ઉચ્ચ સ્વરે બોલાતી

૩ ઉપચાર પરીતતા-ગામડિયાપણાનો અભાવ અગ્રામ્ય

૪ મેઘ ગંભીરઘોષત્વ-મેઘની જેમ ગંભીર શબ્દવાળી

૫ પ્રતિનાદ વિધાયિતા પડઘો પાડનારી,

૬ દક્ષિણત્વ-સરળતાવાળી-સારી રીતે સમજી શકાય તેવી

૭ ઉપનીતરાગત્વ-માલકોષ વગેરે રાગોથી યુકત

ઉપરના સાત અતિશયો શબ્દની અપેક્ષાએ હોય છે અને બીજા અતિશયો અર્થની અપેક્ષાએ હોય છે

૮ મહાર્થતા–શબ્દ થોડા અને અર્થ મહાન

૯ અવ્યાહત્વ—પૂર્વાપર વાકયના અને અર્થના વિરોધ વિનાની

૧૦ શિષ્ટત્વ–ઈષ્ટ સિદ્ધાતના અર્થને કથન કરનાર અને વક્તાની શિષ્ટતા સૂચક

૧૧ સ શયાસમ્ભવ–સ દેહ રહિત, કોઈ ને શ કા પેદા થાય નહિ પણ શ કાનો ઉચ્છેદ કરે

૧૨ નિરાકૃતાન્યોત્તરત્વ–બીજાના દૂષણોથી રહિત

૧૩ હૃદયગમતા—હૃદયગ્રાહ્ય અત્યત મનોહર અને હૃદયને આહ્લાદ આપે તેવી

૧૪ મિથ સાકાક્ષતા–પદો–વાકયોની પરસ્પર અપેક્ષા રાખે તેવી

૧૫ પ્રસ્તાવૌચિત્ય–અવસરને ઉચિત–દેશ અને કાળને અનુસરનારી

૧૬ તત્વનિષ્ઠતા–વસ્તુસ્વરૂપને અનુસરનારી

૧૭ અપ્રકીર્ણ પ્રસૃતત્વ–સુસ બદ્ધ અથવા વિષયાન્તરથી રહિત અને અતિવિસ્તાર વિનાની

૧૮ અસ્વશ્લાઘાન્યનિન્દતા—પોતાની પ્રશ સા અને પરની નિ દાથી રહિત

૧૯ આભિજાત્ય–વક્તાની અથવા પ્રતિપાદન કરવા યોગ્ય વિષયને અનુરૂપ

૨૦ અતિસ્નિગ્ધમધુરત્વ–ઘી ની જેમ સ્નિગ્ધ અને ગોળની જેમ મધુર

૨૧ પ્રશસ્યતા–પ્રશંસાને યોગ્ય

૨૨ અમર્મવેધિતા–બીજાના મર્મને નહિ ઉઘાડનારી

૨૩ ઔદાર્ય–કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી

૨૪ ધર્માર્થપ્રતિબદ્ધતા—ધર્મ અને અર્થથી યુક્ત

૨૫ કારકાદ્યવિપર્યાસ–કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસવાળા વચનના દોષથી રહિત

૨૬ વિભ્રમાદિ વિયુક્તતા–વિભ્રમ, વિક્ષેપ, વગેરે મનના દોષોથી રહિત

૨૭ ચિત્રકૃત્વ–શ્રોતાના ચિત્તને એક ધારી રીતે આશ્ચર્ય ઉપજાવનારી

૨૮ અદ્દ્ભુતત્વ–અદ્દ્ભુત

૨૯ અનતિવિલમ્બિતા–અત્યંત વિલંબ રહિત

૩૦ અનેક જાતિ વૈચિત્ર્ય–અનેકવિધ વિચિત્રતાવાળી વસ્તુઓને જુદી જુદી રીતે વર્ણવનારી

૩૧ આરોપિત વિશેષિતા–બીજા વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી

૩૨ સત્વ પ્રધાનતા–સત્વ પ્રધાન સાહસવાળી

૩૩ વર્ણ-પદ-વાકય વિવિક્તતા–વર્ણ, પદ, વાકયના વિવેકવાળી, અર્થાત પૃથક્કરણ વિભાગવાળી

૩૪ અવ્યુચ્છિત્તિ વકતવ્ય-અર્થની-મતલબ કહેવાને ઈચ્છેલા વિષયને સારી રીતે સિદ્ધિ થતા સુધીમા ન અટકનારી, અખડિત વચન પ્રવાહવાળી

૩૫ અખેદિત્વ-અનાયાસે ઉત્પન્ન થનારી

આવા પરમ ઉપકારી પરમોપાસ્ય, ત્રણ જગતના તારણહાર, જ્ઞાનનો અપૂર્વ પ્રકાશ પાથરનાર પરમ કૃપાળુ દેવાધિદેવ સર્વજ્ઞ પરમાત્માને આપણા પ્રહ ઉઠી ક્રોડ-ક્રોડવાર નમસ્કાર થાઓ

તેમના નામસ્મરણથી, જાપ સ્તુતિ, સ્તવન, કીર્તન, વદન, સન્માન, સત્કાર, અભિવાદન અને ઉપાસના કરવાથી આત્મા કર્મથી મુકત બને છે, સિદ્ધ બને છે અને શાશ્વતધામે સીધાવે છે

દીપોત્સવી પર્વ

ભારત વર્ષની જનતા પ્રતિવષ દીપાવલી પર્વની ઉજવણી કરી આનદોત્સવ મનાવે છે દીપાવલી પર્વની પાછળ જૂગજૂનો ઉજ્વળ ઈતિહાસ છૂપાયેલો છે

શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામી વર્ષો સુધી આ પૃથ્વીતળમા વિહરી અનુપમ ઉપકાર કરતા અપાપાપુરી નગરીમા હસ્તિપાળ રાજાની રજ્જૂ સભામા યાને કારકુનોની સભામા અતિમ ચાતુર્માસ રહ્યા હતા પરમાત્મા સોળ પ્રહર યાને ૪૮ કલાક સુધી એકધારી અમૃતધારા સમી અખડ દેશનાનો પ્રવાહ વહાવી રહ્યા હતા દેવો અને દેવેન્દ્રો દાનવો અને દાનવેન્દ્રો, નરો અને નરેન્દ્રો સૌ કોઈ દેશના શ્રવણ કરવામા તલ્લીન બન્યા હતા ભૂખ, પ્યાસ અને આયાસને સૌ વિસરી ગયા હતા પ્રભુ તે વખતે પુણ્યનુ ફળ દર્શાવનારા ૫૫ અધ્યયનો, પાપના ફળને બતાવનારા ૫૫ અધ્યયનો અને ૩૬ અણુપૂછયા પ્રશ્નોના ઉત્તરો આપી રહ્યા હતા

ચદ્ર નામનો બીજો સવત્સર હતો કાર્તિક માસ હતો, જેનુ અપર નામ પ્રીતિવર્ધન હતુ, નદિવર્ધન નામનુ પખવાડીયુ હતુ અગ્નિવેશ્ય નામનો દિવસ હતો દેવાનદા નામની અમાવાસ્યાની રાત્રિ હતી જેનુ બીજુ નામ નિરતી હતુ અર્ચ નામનો લવ હતો મુહુર્ત નામનો પ્રાણ હતો સિદ્ધ નામનો સ્તોક હતો સર્વાર્થ સિદ્ધ નામનુ મુહૂર્ત હતુ તેમજ સ્વાતિ નક્ષત્રમા ચદ્રમા હતો ભગવાનને છટ્ઠની ચોવિહારી તપશ્ચર્યા હતી પ્રભુ પલ્યકાસને-પદ્માસને બિરાજમાન હતા તે વખતે ભગવાન મહાવીરદેવ નિર્વાણ પામ્યા સમય ભાગ્તે, દેવો અને દાનવોએ પ્રભુના નિર્વાણથી ભારે આઘાત અનુભવ્યો તીર્થકર દેવો જ્યારે નિર્વાણ પામે છે ત્યારે સર્વત્ર અ ધકાર-અ ધકાર વ્યાપી જાય છે

ચ્યવન, જન્મ, દીક્ષા અને કેવળજ્ઞાન આ ચાર કલ્યાણકોમા ત્રણે લોકમા અજવાળા-અજવાળા પથરાય છે જ્યારે નિર્વાણ કલ્યાણમા અ ધકાર પ્રસરે છે

ઠાણાગ સૂત્રના ત્રીજા ઠાણામા ત્રણ કારણે વિશ્વમા અ ધકાર વ્યાપે છે એમ બતાવવામા આવ્યુ છે —

" तिहिं ठाणेहिं लोग धयारे सिया-तजहा अरिहं तेहिं वोच्छिज्जमाणेहिं अरिहं तपन्नत्ते धम्मे वोच्छिज्जमाणेहिं पुव्वगते वोच्छिज्जमाणेहिं "

તે વખતે અપાપાપુરી નગરીમા કાશી દેશના નવમ [illegible] રક રાજાઓ અને કોશલ દેશના નવ લેચ્છકિ રાજાઓ

ગણુ મેળાપના કારણે અહીં આવ્યા હતા તેઓ ભગવાન મહાવીરદેવના મામા ચેડા મહારાજાના સામંતો હતા સૌએ આહાર"ત્યાગરૂપ પૌષધ યાને ઉપવાસ કર્યો હતો.

પરમાત્મા જેવા પરમાત્મા નિર્વાણ પામતા અપાપા પુરીનુ નામ પાપાપુરીમા દેવોએ ફેરવી નાખ્યુ જે આજે પાવાપુરીના નામથી પ્રચલિત છે ત્યા આજે એક ભવ્ય જળમંદિર છે અને ભગવાનના નિર્વાણ દિને ત્યા ચમત્કારિક ઘટના બનવા પામે છે હજારો યાત્રાળુઓ દૂર દૂરથી આ તીર્થના દર્શન કરી નિજને નિર્મળ બનાવે છે

"ભાવ ઉદ્યોત ગયે થકે દિવાળી કરતા દેવ"

આ બધા રાજાઓએ ભાવ ઉદ્યોત કરનારા ભગવાન નિર્વાણ પામતા એના પ્રતીક રૂપ દ્રવ્ય દીપકો પ્રગટાવ્યા ત્યારથી દીપાવલી પર્વની શરૂઆત થઇ

જ્યારે મૂળ વસ્તુનો અભાવ હોય ત્યારે નકલી વસ્તુથી કામ લેવુ પડે છે ઈલેક્ટ્રીક લાઇટ બંધ થતા માણસોને ફાનસની શોધ કરવી પડે છે ત્યારે પરમાત્મા તો–

તેજે તરણિથી વડો રે,
દોય શિખાનો દીવડો રે!
આળકે કેવળ જ્યોત–

કોટિ કોટિ સૂર્યના પ્રકાશ કરતા પણ અધિક પ્રકાશવાન પરમાત્મા હોય છે લોગસ્સ સૂત્રમા કહ્યુ છે કે– "આઇચ્ચેસુ અહિય પયાસયરા" તેમજ પરમાત્માની–

"લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં" તથા "લોગસ્સ ઉજ્જોઅગરે" આવા વિશેષણોથી સ્તુતિ કરવામાં આવી છે આ વિશ્વમાં અસંખ્ય સૂર્ય અને ચંદ્રમા તેમજ અગણિત તારાઓ વિદ્યમાન છે પણ એ બધાયેના તેજ અને પ્રકાશ કરતા અધિક પ્રકાશવાન પરમાત્માનુ જ્ઞાન હોય છે પરમાત્માના જ્ઞાનથી કશુ જ છૂપુ હોતુ નથી લોક અને અલોક સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયો પરમાત્માના જ્ઞાનમા પ્રતિબિંબિત થાય છે, એવી મહાન સર્ચલાઇટ બુઝાઈ જતા રાજા-મહારાજાઓએ દીપકોની શ્રેણિ પ્રગટાવી અને મેરિયા લઈને નીકળ્યા હતા ત્યારથી દીપાવલિ પર્વની શરૂઆત થઈ દેશદેશના રાજા-મહારાજાઓની અત્રે હાજરી હતી તેથી એ બધા રાજા-મહારાજાઓએ આનુ અનુકરણ કર્યું હતુ ત્યારથી સમસ્ત ભારતવર્ષ અપૂર્વ આનંદ અને ઉમંગથી દીપાવલી પર્વની ઉજવણી કરે છે જેમ સર્પ ચાલ્યો જાય અને લીસોટા રહી જાય તેમ ઈતર લોકો આ પર્વના રહસ્યને ભૂલી આ દિવસોમા મોજશોખ એશઆરામ અને અમનચમન કરે છે જ્યારે જૈનો આ પર્વમા દેવાધિદેવનુ સ્મરણ, જાપ, કીર્તન અને સ્તવના કરી જીવન પાવન બનાવે છે તપ-ત્યાગ કરી કર્મોને ભસ્મીભૂત કરે છે

ભગવાન મહાવીરદેવ જ્યારે નિર્વાણ પામ્યા ત્યારે ૮૮ ગ્રહો પૈકી ૩૦ મો ક્ષુદ્ર અને મહાક્રૂર, ભસ્મરાશિ નામનો મહાગ્રહ પરમાત્માના જન્મ નક્ષત્રમા સંક્રાંત થયો હતો એની સ્થિતિ બે હજાર વર્ષની હતી પણ એ

ગ્રહ વક્રી થવાથી ૫૦૦ વર્ષ વધી ગયા એટલે ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ પછી ૨૫૦૦ વર્ષ સુધી આ ભસ્મગ્રહ પોતાનો પ્રભાવ બતાવશે બસ હવે થોડા જ વર્ષો બાકી છે યુગપ્રધાન જેવા મહાન પુરૂષનો જન્મ થવાની સભાવના છે એ યુગપ્રધાન જૈનશાસનની જ્યોતને દીપ્તિમત રાખશે, અને જૈનધર્મનો જયજયકાર થશે જેમ આપણા આ ભારતમા ૨૪મા તીર્થંકર સપૂર્ણ ૭૨ વર્ષનુ આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણ પામ્યા તે જ ક્ષણે તે જ સમયે બીજા ચાર ભરતમા અને ઐરવત ક્ષેત્રમા પણ ૨૪મા તીર્થંકર નિર્વાણ પામે છે

પાચ ભરતમા અને પાચ ઐરવતમા સમકાળે તીર્થંકરદેવોનુ ચ્યવન, જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ થાય છે

જે રાત્રિએ ભગવાન મહાવીર નિર્વાણ પામ્યા તે રાત્રિના છેલ્લા પ્રહરમા ગણધર ભગવત શ્રી ગૌતમ સ્વામી ભગવાનને કેવળજ્ઞાન થયુ પરમાત્માના નિર્વાણથી પરમાત્મા મહાવીર દેવના વડીલ બધુ શ્રીનદિવધનને ખૂબ આઘાત લાગ્યો હતો પોતાની ભગિની સુદર્શનાએ તેમને જમાડયા ત્યારથી ભાઈ-બીજના પર્વનો પ્રારભ થયો

ભગવાનના ૧૪ હજાર સાધુઓ અને ૩૬ હજાર સાધ્વીજી હતા તેમા ૭૦૦ શ્રમણો અને ૧૪૦૦ સાધ્વીજી મોક્ષમા સીધાવ્યા હતા

' णमोऽत्थु वद्धमाणाय '

[૫]

જીવનની સાર્થકતા

ધમ્મો મગલ મુક્કિટ્ઠ, અહિંસા સજમો તવો।
દેવાવિ ત નમસતિ જસ્સ ધમ્મે સયામણો ॥

દશવૈકાલિક સૂત્રના પ્રથમ અધ્યનની પ્રથમ ગાથામા પરમ પ્રભાવક આચાર્ય મ શ્રી શય્યભવસૂરીશ્વરજી મહારાજ બાળમુનિ શ્રી મનકમુનિને ઉદ્દેશીને ભવ્ય જીવોને બોધ આપતા ફરમાવે છે કે 'હે ભવ્યો! લક્ષચોરાશી યોનિમા પરિભ્રમણ કરી મહાપુણ્યે આ આત્માને દેવોને પણ દુર્લભ એવો માનવનો દેહ પ્રાપ્ત થાય છે, દેવતાઓ પણ આ માનવ જીવનની ઝખના કરે છે, એવા દેવ દુર્લભ જન્મને મેળવીને આપણે રાજી થવાનુ નથી, પ્રાપ્ત થવા માત્રથી આનદ માણવાનો નથી, પરતુ આવો અમૂલ્ય-ઉચ્ચ કોટીનો માનવદેહ પ્રાપ્ત થયા પછી આપણુ શુ કર્તવ્ય છે? અને એ કર્તવ્ય અદા કરવા માટે આપણે શુ કરવુ જોઈએ? અને વર્તમાન જીવન આપણે કેવી રીતે જીવી રહ્યા છીએ? આ બધી વસ્તુનો અહીં અહર્નિશ વિચાર કરવાનો ... જીવનની ... ગ મહામૂલી પસાર થઈ રહી છે

વર્તી ચક્રવર્તીનુ સમગ્ર સામ્રાજ્ય અર્પણ કરી દે તો પણ આયુષ્યની એક ક્ષણપણ વધારી શકવાની કોઇની તાકાત નથી. ધરતીને ધ્રુજાવનારા મહાબળીયા, વાસુદેવો, ચક્રવર્તીઓ, રાજા-મહારાજાઓ શ્રીમતો અને ધીમતો સૌ કોઈ યમરાજાના ફદામા ફસાઈ ગયા, કાળે એમનો કોળીયો કર્યો, બધુ ય અહીંયા મૂકીને ખાલી હાથે સૌ સીધાવી ગયા, આપણે પણ એક દિવસ અચાનક-પરલોક તરફ પ્રયાણ કરવાનુ છે તે પહેલા જ આત્માને સમજાનો ચેતાવો કે હે ચેતન! હેઆોડાનુભાવ! આત્માને ઓળખ! આત્માનો વિચાર કર! આત્માનો વિમર્શ કર, પ્રગતિનાં પંથે પ્રયાણ કર, કારણ કે આત્મા અમર છે, અવિનાશી છે, અનત સુખનો ભડાર છે, અનત જ્ઞાનના ખજાનાથી ભર્યોભર્યો છે સર્વજ્ઞ, સર્વદર્શી અને સર્વ શક્તિમાન છે આ બધી અતરમા રહેલી અપૂર્વ સપત્તિને પ્રગટ કરવાનો સુઅવસર આ માનવભવમા જ મળે છે.'

આત્માને પોતાના આત્મામા રહેલી આ અનત શક્તિ, અનત સુખ અને અનત જ્ઞાનનુ ભાન નથી માટે જ બેભાન બનીને બેહાલ જીવન જીવી રહ્યો છે સુખ માટે વલખા મારે છે, જ્યા ત્યા ફાંફા મારે છે, પણ એને ખબર નથી કે સુખનો ભડાર હુ પોતે જ છુ બધુ મારામા જ છે બહાર કયા ભટકે છે

આત્માના ઉપર ઘોર અજ્ઞાનના ગાઢા આવરણોના થરના થર બાઝી ગયા છે, જેથી આ બધી શક્તિઓ

આપણી દશાપેલી પડી છે જેમ સૂર્ય સ્વય પ્રકાશ માન છે, પણ જ્યારે ઘનઘોર વાદળા આડા આવી જાય તો તેનો પ્રકાશ અવરાઈ જાય છે પણ જ્યારે જોરનો સુસવાટા ભર્યો અવડ પવન વાય છે, ત્યારે એક ક્ષણમા ગાઢા કાળા ઘનઘોર વાદળો છુ સુફ્ર ભાગી જાય છે તેવી જ રીતે અહિંસા, સયમ, અને તપ દ્વારા અનાદિ કાળથી આત્માને લાગેલા ચીકણા કર્મોને આ આત્મા વેર વિખેર કરી પોતાની અનત શકિતને પ્રગટાવી શકે છે, જરૂર છે માત્ર પુરુષાર્થની આજે માનવી ભૌતિકવાદની ભૂતાવળમા ગળાડૂબ ડૂબી ગયો છે એશ–આરામ મોજ શોખ અને વૈભવ વિલાસમા રાચીમાચી આ માનવજીવનને ધૂળના મોળવી રહ્યો છે જ્યાથી અનત રત્નો ભરવા જોઈએ ત્યાથી અનત કાકરાઓનો ભાર લાદી કર્મથી ભારે બની દુર્ગતિની ઘોરગર્તામા ખૂચી જાય છે, જ્યાની એક ક્ષણ પણ એવી ભયકર હોય છે કે એનુ વર્ણન શ્રવણ કરતા હૈયુ હચમચી ઉઠે છે

ઓ મહાનુભાવ! જરા વિચાર કર, અહીં આ જરા તાવ આવે છે ત્યારે તું ગભરાય છે, જરાક માથુ દુખે છે અને નાડ પાડે છે, અકળાય છે અને માથુ કૂટે છે, તો પછી અહીંયા પાપાચારો સેવી અધમ જીવન જીવી, હિંસા, જૂઠ, ચોરી, જારી, અનિતિ પ્રપચ, વેર–ઝેર, દ્વેષ કલેશ અને ઝગડા–રગડા કરી જ્યારે તું દુર્ગતિના ધામે સીધાવીશ, ત્યારે ત્હારી શી દશા થશે, હજારો નહિ લાખો નહિ ક્રોડો

બલ્કે અગણિત અને અસંખ્ય વર્ષો સુધી નરકગતિમાં પરમાધામી દ્વારા અસહ્ય-તીવ્ર-ઘોર દુખો તારે સહવા પડશે માટે હે ભવ્ય! તું તારા આત્માને ઓળખી, આત્મસ્વરૂપને પ્રગટાવવા અહિંસા, સંયમ અને તપના માર્ગે પ્રયાણ કર જેથી મળેલુ આ માનવજીવન સાર્થક થાય અને ઉત્તરોત્તર દિવ્ય સુખોને મેળવી અંતે તું શિવસુખનો ભોક્તા બને

[૬]

આહાર તેવો ઓડકાર

ઘણા વર્ષ પૂર્વેની જુની આ વાત છે નગરનુ નામ ઇંદ્રપુર હતુ, ત્યા એક દેવસેન નામનો વ્યાપારી વસતો હતો તેને ધનસેન નામનો એક ઊંટ સ્વાર સેવક હતો તેને ત્યા એક ઊંટડી હતી આ ઊંટડી, ધનસેનને ત્યાથી દરરોજ દેવસેનને ત્યા આવતી, ઊંટડીને ઘણીય વાર મારવા, કૂટવા, અને વારવા છતાય ફરી ફરીને એ દેવસેનને ત્યાજ આવીને ઉભી રહેતી હતી, જેથી દેવસેનને પણ ઊંટડી ઉપર અત્યંત પ્રીતિ ઉત્પન્ન થઇ

તે અરસામા આ નગરીમા જ્ઞાની ગુરુ મહારાજની પધરામણી થઇ શેઠે ગુરુદેવને પૂછ્યુ ગુરુદેવ! ઊંટડીને વારવા, મારવા છતા, મારે ત્યાજ આવીને ઉભી રહે છે તેનુ શુ કારણ? જરૂર કઇ રહસ્ય હોવુ જોઈએ, કૃપા કરીને તેનુ કારણ મને આપ જણાવો!

અતીન્દ્રિય જ્ઞાની એવા ગુરુદેવે શેઠને જણાવ્યુ કે દેવસેન! આ ઊંટડી એ તમારી પૂર્વ ભવની માતા આ ઊંટડી યાને તમારી પૂર્વ ભવની

માત્માની પાસે એક દીપક પ્રગટાવ્યો હતો, અને તેજ દીપકથી ઘરના કામ કાજ કર્યા અને ધૂપધાણાના અંગારાથી ઘરનો ચૂલો સળગાવ્યો હતો આ રીતે જિન મંદિરની વસ્તુઓ પોતાના ઉપયોગમાં લેવાથી તારી માતાએ ઘોર પાપકર્મ ઉપાર્જન કર્યું એ પાપ કર્મના પરિણામે આ જન્મમા તે ઊટડી થઈ છે તારા ઉપર ગાઢ સ્નેહ છે એટલે એ તારે બારણે વારવાર આવે છે

શેઠ આ વાત સાભળીને સ્તબ્ધજ બની ગયા

આવો જ એક બીજો પ્રસંગ સાગરદત્ત શેઠનો છે શ્રી સઘે સાગરદત્તને યોગ્ય જાણી જિનમંદિરનો વહીવટ સુપ્રત કર્યો હતો, નૂતન જીનમંદિરનું બાધકામ ચાલતુ હતુ સખ્યાબંધ મજૂરો કામ કરતા હતા એ મજૂરોને શેઠ મજૂરીના પૈસા આપવાના બદલે સોંઘા ભાવના ઘી, ગોળ, અનાજ વિગેરે વસ્તુઓ આપી, વચગાળાનો નફો બચતો તે શેઠ પોતે રાખી લેતા હતા આમ કરવાથી શેઠને જરૂર થોડા દ્રવ્યનો લાભ થયો પણ પરિણામ એ આવ્યુ કે શેઠ ત્યાથી કાળ કરી, ઘોર પાપકર્મ ઉપાર્જી એક અગાધ સમુદ્રમા જળ–મનુષ્ય તરીકે ઉત્પન્ન થયા

જળ–મનુષ્યોને છ છ મહીના સુધી પત્થર પર પછાડે છે, ત્યારે રત્નગ્રહણ કરનાર મનુષ્યોને એક વસ્તુ તેમના શરીરમાથી પ્રાપ્ત થાય છે તેના દ્વારા આબાદ રીતે તેઓ સમુદ્રમા ડુબકી મારી ધારેલુ કાર્ય સિદ્ધ કરે છે અર્થાત્ ડુબકી મારવા છતા એ ડૂબી શકતા નથી

સાગરદત્ત શેઠના જીવને આ રીતે દેવદ્રવ્યના ભક્ષણથી જન્મ-મનુષ્યના ભવમા એ લોકો દ્વારા ભયંકર વેદના થાય છે હેરાન હેરાન થાય છે ત્યાંથી એ શેઠનો જીવ ત્રીજી નરકના ઉત્પન્ન થાય છે એ ઉપરાંત અનેક વાર વચ્ચે બીજા નાના ભવો-જન્મો કરી પુનઃપુન નારકીમા પેદા થાય છે ત્યા પરમાધામીઓ દ્વારા હજારો, લાખો વર્ષો નહિ, ક્રોડો અબજો વર્ષો નહિ પણ અસંખ્ય વર્ષો સુધી શેઠનો આત્મા ઘોર દુખનો અનુભવ કરે છે જનાવરની ગતિમા પણ અસહ્ય દુખો સહે છે તોય આ શેઠના આત્માનો દુખથી છુટકારો થતો નથી

મહાનુભાવો ! આ કથાનક આપણને અનેરી પ્રેરણા આપે છે આપણી આંખ ઉઘાડે છે અને આપણને દુર્ગતિમા પડતા-બચાવે છે આપણી સામે લાલબત્તી ધરે છે કે તમે જેમ તેમ દેવદ્રવ્ય આદિ માટે બોલશો યા બોગસ બકવાદો કરશો તો તેનું પરિણામ ભયંકર આવશે તેનો કરુણ અંજામ આત્માને હચમચાવી નાખશે માટે ચેતો ! સમજો ! અને બોલતા પહેલા વિચાર કરો

કેટલાક વગર સમજે બોલે છે કે દેવદ્રવ્યની શી જરુર છે ? દેવદ્રવ્યનો આમ ઉપયોગ કરો, તેમ ઉપયોગ કરો, સ્કુલ ખોલવામા, સામાજીક કાર્યોમા, અને આપણા સાધાર્મિક બધુઓ માટે ખર્ચો વિગેરે વિગેરે, પણ એ બિચારા અજ્ઞાન આત્માઓને ખબર નથી કે શા[illegible] વિરુદ્ધ એક શબ્દ ઉચ્ચારવા માત્રથી ભગવાન

આત્માને કેટલુ ભવ ભ્રમણુ કરવુ પડ્યુ કર્મો કોઇનેય છોડવાના નથી, માટે વિચારીને બોલો, સમજીને બોલો, અભ્યાસ કરીને વાણીને વહેતી મૂકો અમુક બોલ્યો એટલે આપણે પણ બોલીએ, એક બકરી બે કરે, એટલે બીજી પણ બે બે કરે, એમ બકરીના અજ્ઞાન ટોળાની જેમ બે બે ન કરો પરિણામનો વિચાર કરો, જેથી પાછળથી પસ્તાવુ ન પડે

આજે આપણા અધ પતનનુ મોટામા મોટુ કારણુ જો કોઈ હોય તો આપણી બદદાનત છે

વ્યવહારમા પણ જે ખાતાની રકમ હોય તેજ ખાતામા તે રકમ વપરાય છે ટ્રસ્ટના કાયદા મુજબ વત વામા આવે છે જે નિમિત્તે નાણા યા ટ્રસ્ટ ઉભુ કરવામા આવેલ હોય છે તેનો ઉપયોગ તેના કાયદા કાનૂન મુજબ જ થાય છે ત્યારે જે ભાવિકોએ પ્રભુ ભક્તિ માટે જે વસ્તુ સમર્પણ કરી, તેમજ જે દ્રવ્ય અર્પણ કર્યું તે દ્રવ્ય તેજ ખાતાઓમા જીર્ણો દ્વારમા યા મ દિરના વહીવટના વપરાય, તે સિવાય અન્ય સ્થળે લઈ જવામા ભય કર ગુનો છે ભયકર પાપ છે ભગ વાનની આજ્ઞાનુ ઉલ્લઘન છે અને એ દેખીતો અન્યાય છે

જ્યારે દેવદ્રવ્ય જેવા દ્રવ્યની હોઈયા કરવાની ભાવના જાગૃત થાય ત્યારે સમજી લેવુ કે આપણો હવે વિનાશ નજીક છે

દેવદ્રવ્યના હિસાબમા ગોટાળા કરવાથી, દેવદ્રવ્યના ભક્ષણથી, દેવદ્રવ્યને હજમ કરવાથી, યા ખોટી બુદ્ધિ

રાખવાથી ગામનાગામ પાયમાલ થઈ ગયાના દાખલા મોજુદ છે કુટુંબોના કુટુંબો બેહાન મેદાન થઈ ગયાના દ્રષ્ટાંતો આપણી નજર સમક્ષ છે

માટે ખૂબ સમજવાની જરુર છે

શાસ્ત્રો કહે છે કે દેવદ્રવ્યનો વિનાશ કરનાર અને તેનો દુરુપયોગ કરનાર અનંત અનંત ભવ ભ્રમણ કરે છે

માટે જ પોતાની સુરક્ષા કરવા પરલોકનો અને પાપનો હમેશા ડર રાખો, આજે ઘણા લોકો એમ બોલે છે કે અમારુ મન ધર્મકાર્યમા નથી લાગતુ, અમારુ દીલ નવકારના ધ્યાનમા ચોંટતુ નથી, એનુ કારણ આપણા વિચારો અને આપણી ભાવનાઓ દીવસે દીવસે મલીન બની ગઈ છે કહેવત પણ છે અન્ન તેવો ઓડકાર

આ ભારતવર્ષમા આજે દાશવારેને દાશવારે જે ભયના ભણકારા કાને અથડાય છે ચોતરફથી આફતો આવે છે કદી રેલ સંકટ, કદી લીલો દુકાળ અને કદી ભયંકર દુષ્કાળ, ભારે એક્સીડેન્ટો, આજે રેલ ઉથલી પડી તો અમુક જ્યગે મોટર અફળાતા કેંકના મરણ થયા, જહાજ ડૂબી ગયા, વિમાન તૂટી પડ્યુ, ભયંકર આગ લાગી, ભાર વર્ષાથી ગામના ગ્રામ તણાઈ ગયા ઘરનીકપરી ખાના ખરાબી થઇ, આમ દિશાએ નવા જૂનીસ જાય છે બરબાદી અશાન્તિ, અશાંતિ અને ઉપદ્રવોની બાગ પોકારાય છે હાય દુખી થઈ ગયા, એમ વગાળ કાઢીએ છીએ, ધર્મ, ધર્મક્રિયાઓ, મંદિરો અને સદ્ગુરુઓ આપણને ગમતા

નથી એનુ મૂળ કારણ આપણી અનીતિ છે એટલુ જ નહિ પણ વિનાશ અને ખાના ખરાબીના આ ચિન્હો છે આવા વખતે જનતાને સારી વસ્તુ નહિ રૂચે સારી વસ્તુ પ્રત્યે અણગમો અને મુંખર્માથી ન છાજતા ચેષ્ટા અને ખરાબ ઉદ્‌ગારો નીકળશે અને નઠારી વસ્તુઓ માટે વાહ-વાહ, ધન્ય, શાબાશ અને અભિનંદનો અને કુલહાર અર્પણ કરવામા આવશે માણસ ઘરનો માસિક ૩૦૦-૪૦૦ નો ખર્ચ નભાવે છે જ્યારે ચરવળો-કટાસણુ કેસર-ચંદન અને પૂજાના ઉપકરણો આદિ તારનારા સાધનો આપણને મફત જોઈએ છે, ઉપરાત વાપર્યા પછી કેમ વ્યવસ્થિત મૂકવા એનુ પણ જેને ભાન ન હોય, કયા આપના બાપના છે જ્યા ત્યા જેમ તેમ મૂકી, યા ખાલમા મૂકી, હાલી નીકળનારા જોવા મળે છે, આ છે આપણી આજની પરિસ્થિતી, આપણી વસ્તુ આપણે કેટલી કાળજી પૂર્વક સાચવીએ છીએ પૂજા કરવા જતા ગરમ પાણી જોઈએ અને તે પણ પરિમિત નહિ, બે ચાર બાલદી પણ ઓછી પડે, પણ આ નિમિત્તે સાધારણમા રૂપીઓ, બે રૂપીયા આપવા આપણને પાલવતા નથી કોઈ પ્રેરણા કરે તો દાતીઆ કરવા તૈયાર થઈએ છીએ, કારણ બધુય પરભાર્યું જોઈએ

ધર્મક્રિયાનુ ફળ આપણને પૂર્ણ જોઈએ અને ફળ ન મળે ત્યારે" અશ્રદ્ધા થાય છે ધર્મકરણી મૂકી દઈએ છીએ પણ અમે કેવા છીએ, અમારી ભાવના કેવી છે દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યે કેટલા વફાદાર છીએ કેટલા સમર્પિત

દીએ દેવો ભોગ આપવા તૈયાર છે એ આપણે જોવુ નથી અને પછી મોઢેથી બોલવુ છે કે કઈ ફળ મળતુ નથી પણ ફળ મળે ક્યાથી ? જ્યા આપણી ભાવનાજ લુખ્ખી છે અતર મેલુ છે, ત્યારે ફળ કેવુ મળે ! ધર્મ કઈ ભોળો ભાળો ગ્રાહક નથી કે ધોળે દહાડે એની આખમા ધૂળ નાખી આપણે એને ઠગી લઈએ

માટે 'કરીએ તેવુ પામીએ' 'વાવીએ તેવુ લણીએ' "यादृशी भावना तादृश फल" આ બધા સૂત્રો આપણે હૃદયમા કોતરી રાખવા જોઇએ

આપણા અધ પતના બીજા અનેક કારણો છે ! એ જ ! એકાતમાં બેસી વિચાર વિનિમય કરશો તો સમજાશે કે આપણે ભલુ કેટલાનુ કર્યું અને કેટલાનુ નિકદન કાઢ્યુ નિદા કુથલીમા તૈયાર, ટીકા ટીપ્પણમા પ્રથમ નબર, એમા પણ સાધર્મિક સગા-વહાલા તો ઠીક પણ દેવ-ગુરુ-ધર્મ પણ બાકાદ નહિં રાખવાના, ખોટા આગળ આપવા તૈયાર, બીજાને કલક આપી, ઉતારી પાડવા તૈયાર, દ્વેષ, ઈર્ષા, અસૂયા, જૂઠ, પ્રપચ અનીતિ, દગો, વિશ્વાસઘાત, સૂત્રવિરુદ્ધ ખોટા બકવાદો, ઢોંગી ભાવના અને ચોરી જારી, આ બધા આપણા અધ પતનના મુખ્ય કારણો છે આ બધુ સૌ સમજે અને સન્માર્ગે પ્રયાણ કરી ઉપરના દ્રષ્ટાતોને નજર સન્મુખ રાખી આ ભવ-પરભવ સુધારે એજ મગળ કામના

[૭]

ક્રિયાવાન થતા પહેલાં

કોઈ પણ કાર્ય કરતા પહેલા સૌને ધ્યાન રાખવુ પડે છે કે મારૂ સાધ્ય શુ છે? ધ્યેય વગર કરેલા કાર્યની સિદ્ધિ થઈ શકતી નથી, ધ્યેયને-સાધ્યને વળગી રહેનાર માનવી મોડે મોડે પણ અવશ્ય સાધ્યની સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે

અમુક સ્થળે જવુ છે, એમ નિશ્ચિત કરીનેજ આપણે પગ ઉપાડીએ છીએ અને તો જ આપણે ઈષ્ટ સ્થળે પહોચી શકીએ છીએ, કુશળમા કુશળ ધનુર્ધર સાધ્ય લક્ષમા રાખ્યા વગરજ જો તીર ફેંકયા કરે તો તેનો પ્રયાસ-ઉદ્યમ વ્યર્થજ જાય છે જ્યારે અકુશળ શીખાઉ તીરદાજ ધ્યેયને લક્ષમા રાખી તીર ફેંકતો જશે તો તે છેવટે સાધ્યની સિદ્ધિ કરી શકશે અને મોડે મોડે પણ લક્ષને વિંધી શકશે

તેમ આપણે પણ કોઈપણ ધર્મક્રિયા કે અનુષ્ઠાન કરતા પહેલા આપણુ સાધ્ય શુ છે? આપણુ ધ્યેય અને લક્ષ્ય શુ છે? એ ક્રિયાવાન થતા પહેલા નક્કી કરવુ જરૂરી છે આ ધર્મક્રિયા કે અનુષ્ઠાન આચરીને મારે એનાથી શુ મેળવવુ છે? હુ આ સર્વ ક્રિયાઓ શા માટે કરૂ છુ

એનો નિર્ણય ર્ક્યા વગર, સાધ્યને લક્ષમા રાખ્યા વગર આપણે આનળને આગળ ધપીશુ તો તે ક્રિયાનો વાસ્તવિક કાઈ અર્થ સરશે નહિ

પ્રભુની પૂજા કરતા કે સામાયિક કરતા, પ્રતિક્રમણ કરતા કે પૌષધ કરતા, તપ-જપ કે ત્યાગ કરતા શુ ધ્યેય હોવુ જોઈએ ? શાસ્ત્રકાર ભગવતોએ આ ક્રિયાકાડો કે અનુષ્ઠાનો કરવાનુ શા માટે ફરમાવ્યુ છે એ ઉડાણથી વિચારીશુ નહિ અને એના મૂળ હેતુઓ જ્યા સુધી આપણા હૃદયમા ઉડે ઉડે ઉતા રીશુ નહિ ત્યા સુધી ગતાનુ ગતિક-ઓઘમ જ્ઞાથી કરેલી કે આચરેલી એ શુભક્રિયાઓ પણ પૂર્ણ લાભદાયી નહિ નીવડે વ્યાપારી જે વ્યાપારમાથી લાખ રૂપિયાનો નફો મેળવી શકે છે તેજ વ્યાપારમા જો તેને પાચહ જર કે દસ હજાર મળે તો કેટલું નુકશાન થયુ ગણાય ? તેવીજ રીતે જે ક્રિયાઓ દ્વારા આત્મા અનેકાનેક જન્મોના પાપોને જડમૂળથી નાશ કરી શકે છે, તેવા ઊચ્ચ અનુષ્ઠાનો દ્વારા આપણે ધારી પ્રગતિ ન સાધી શકીએ તો કહેવુ જ પડશે કે આપણી આચરેલી ક્રિયાઓ ધ્યેય વગરની હતી ભાન વગરની હતી, સમજણ વગરની હતી ઓઘદ્રષ્ટિએ કરી હતી અથવા એનુ ધ્યેય આલોક કે પરલોકના નાત્ર સુખો [illegible] પુરતુ જ હતુ

'આપણી ભાવના માત્ર આ અશુભ [illegible] આલોકમા ધન માલ મી કત યા પૌદગલિક [illegible] મળે ? હુ કેમ સુખી થાઉ ? એજ હોય [illegible]

સિદ્ધ બહુજ ટુંકુ-સંકુચિત છે, એમ કહેવુ જરાય અતિશયોક્તિ ભર્યું કે ખોટુ નથી આજનુ કરેલુ કાર્ય આજેજ ફળ રૂપે થતુ નથી તેના માટે ખાસ ધીરજ રાખવી ઘટે, ફળ મળે ત્યાં સુધી શ્રદ્ધા રાખવી પડે, તોજ એક દિવસ શાશ્વતસુખના ધ્યેયને-ફળને આપણે મેળવી શકીશુ

ધાર્મિક અનુષ્ઠાનો અને શુભક્રિયાઓ દ્વારા આત્મા અનંતી ઋદ્ધિ મેળવી શકે છે, આ અનુષ્ઠાનોના બદલામા નજીવી બાહ્ય અને તુચ્છ સુખોની માગણી કરવી એ તો ચિંતામણી રત્નની તુલનામા પત્થરનો ટુકડો મૂકવા બરાબર અથવા કલ્પવૃક્ષની પાસેથી કોદ્રુફળ માગવા બરાબર છે

સ્વર્ગીય સુખો યા ઐહિક સુખની પ્રાપ્તિ આ શુભ અનુષ્ઠાનોથી મેળવવાને મથતા હોતો ભલે એના ફળ રૂપે તમને દૈવી ઋદ્ધિ સિદ્ધિ મળે યા દેવલોકમા સુખ સાહ્યબી સાંપડે પણ એક ક્ષણ તો વિચાર કરો કે જો હુ કંઈ નહિ માગુ તો મને શુ એ બધુ નહિ મળે? મારુ પુણ્ય મને પીઠ બળ નહિ આપે? તો પછી નિયાણુ કરી કરેલી ધાર્મિક ક્રિયાના બદલામા અન્ય અસાર વસ્તુઓ માગી અશુભ પરિણામને આમંત્રણ આપવુ એ શુ યોગ્ય છે?

જેઓ આ અમૃતક્રિયા સમાન શુભાનુષ્ઠાનોથી આ લોક કે પરલોકના પૌદગલિક-દુન્યવીજ સુખની માત્ર અભિલાષા રાખે છે તેઓ આ શુભ અનુષ્ઠાનોને આ શુભ ક્રિયાને પણ વિષ રૂપે યા ગરલ રૂપે પરિણમાવે છે, એમ સાફ શાસ્ત્રકારો ફરમાવે છે

કેટલાક આત્માઓ સમજ્યા વગર સૌ કરે છે માટે ચાલો આપણે પણ કરીએ એમ માનીને એ અમૃતસમ ક્રિયાઓના મર્મને સમજવાની બેદરકારી સેવી ધર્મ ક્રિયા ઓ કરે જાય છે, પણ તેથી તેઓ આ ક્રિયાના વાસ્તવિક મર્મ સુધી પહોચી શકતા નથી સાધ્યની સિદ્ધિ કરી શકતા નથી બલ્કે આ અનુષ્ઠાન એઓ માટે અનનુષ્ઠાન તરીકે જ ગણાય છે

ખરી વાત તો એ વિચારવાની છે કે આ શુભઅનુષ્ઠાનો આચરતા આપણુ અતિમ લક્ષ્ય-પરમ ધ્યેય અને સાધ્ય શુ હોવુ જોઇએ?

એના જવાબમા જ્ઞાની ભગવતોએ જણા વ્યુ છે કે આ શુભ અનુષ્ઠાનો આત્માના કલ્યાણ માટે, આત્મ વિકાસ અર્થે અને કર્મ પિજરમાથી મુક્ત થવા માટે યાને આ અ નુષ્ઠાનોથી કયારે હુ કર્મની અગ્લ નત્તાથી મુક્ત બનુ? કયારે હુ શાશ્વતા સુખોને વરુ! કયારે હુ શિવનગરમા મોક્ષમા પહોચુ! આ ક્રિયાના પ્રભાવે મારા વિષય કષાયો કેમ ઘટે, રાગ દ્વેષ કેમ ઓછા થાય, કયારે હુ અપૂર્વસમતાધારી બનુ, કયારે હુ ક્ષમાવત અને ગુણવત બનુ! મોહ શત્રુને હતી વીતરાગ અવસ્થાને પ્રાપ્ત કરૂ, આવી શુભ ભાવનાઓ આ અનુષ્ઠાનો પાછળ છૂપાયેલી હોવી જોઇએ આવા ધ્યેયને આવા લક્ષ્યને અને આવા સાધ્યને નજર સન્મુખ રાખી જો આપણે કલ્યાણકારી આરાધનાઓ સાધનાઓ

આચરીશુ તો જરૂર ઐહિક સુખ ઉ

કરીશુ

બાહ્ય સુખોની આકાંક્ષા ઇચ્છા કે અભિલાષા આ ક્રિયાદ્વારા રાખવાની આપણને જરૂર નથી એ બધુ તો કુદરતી રીતે મળવાનુ જ છે ખેડુત ખેતરમા વાવણી કરે છે તેને તમે જઈને પૂછો, તારી શી અભિલાષા છે? એ ઘઉ બાજરી કે અનાજની જ માત્ર અભિલાષા રાખે છે પણ ઘાસની તો એ સ્હેજ પણ ઈચ્છા નહિ રાખે, કારણ ઘાસ તો વગર માગે અનાજના અગઉપાગ રૂપે કુદરતી રીતે મળવાનુ જ છે, તેની જ રીતે આ શુભ અનુષ્ઠાનોનુ જીવનમા વાવેતર કરી મુક્તિનીજ ઇચ્છાઆપણે રાખવાની છે જ્યા સુધી મુક્તિ પ્રાપ્ત નહિ થાય ત્યા સુધી આ બાહ્ય સુખો કુદરતી મળવાના જ છે

માટેજ કલ્યાણ કરવાની ભાવનાવાળા આત્માઓને ડગલે ને પગલે લક્ષ્ય બહાર ન જવાય તેની ખુબ ખૂબ કાળજી રાખવાની છે

પરમાત્માની નવઅગે તથા અષ્ટપ્રકારી પૂજા કરતા પહેલા, પ્રભુપૂજા હુ શા માટે કરૂ છુ એ સમજવુ જરૂરી છે પરમાત્મા એ આપણા પૂજ્ય છે, પૂજ્યની પૂજાથી પૂજક પણ કાળાતરે પૂજ્ય બની શકે છે એ પરમાત્માના આ ત્માએ રાગ અને દ્વેષને જડમૂળથી ભસ્મીભૂત કરી નાખી કામ, ક્રોધાદિ ષડરિપુઓને જીતી, કૈવલ્ય જ્યોતિને પ્રગટાવી છે હુ પણ તેમના જેવો વીતરાગ ક્યારે બનુ? એ ભાવના ખાસ ભાવવાની છે આવી સમજણ આવેતો પ્રભુ પૂજા કરતા ઘણા ઉચ્ચ ભાવ પ્રગટે તેવીજ પ્રતિક્રમણની વાત

છે પ્રતિક્રમણ કરતા પણ એ ધ્યાનમા રાખવું જોઇએ કે આ પ્રતિક્રમણની પવિત્ર ક્રિયા પાપથી પાછા હઠવા માટે છે કરેલા પાપોનો પશ્ચાત્તાપ, ભૂલોનો એકરાર કરી તેવા પાપો ફરી ન થાય તેની કાળજી રાખવાની છે

સામાયિક-પૂજા-પ્રતિક્રમણ તપ-જપ-ત્યાગ કે ગમે તે ધર્મની આરાધના આદિ તમામ શુભ અનુષ્ઠાનોને તેના ઉદ્દેશને -ધ્યેયને લક્ષ્યમા રાખીને જો ક્રિયાઓ કરવામા આવશે તો જરૂર આત્મા પોતાનો અ તિમ ધ્યેય-પરમ આદર્શ જે મુક્તિ છે, તેને મેળવી શકશે



[૮]

સિંહ ગર્જના

થોડા વખત પૂર્વેનોજ આ પ્રસંગ છે એક વિશાળ પ્રાંગણમા એક વિશાળકાય પુસ્તકના ઉદ્દઘાટનનો ભવ્ય સમારંભ પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના નેતૃત્વમા યોજાયો હતો તે પ્રસંગે એક જાણીતા આગેવાનના હસ્તે પુસ્તકનુ ઉદ્દઘાટન થવાનુ હતુ, સમારંભની

મંગળ શરૂઆત પછી ઉદ્દઘાટન કર્તા આગેવાને પુસ્તકનુ ઉદ્દઘાટન કર્યા પછી પોતાનું ભાષણ શરૂ કર્યું તેમના વક્તવ્યમા આડકતરી રીતે જૈન સાધુઓ ઉપર કટાક્ષ થતા હતા તેથીતરતજ પ્રમુખસ્થાનેથી પૂ આચાર્યદેવે અધવચ્ચેજ ઉદ્દઘાટન કરનાર આગેવાનને જણાવ્યુ કે તમે સુખેથી જે કંઈ બોલવુ હોય તે બોલી શકો છો, પણ બોલીને ચાલ્યા જશો એ નહિ ચાલે, તમે કહેશો હવે મને ટાઇમ નથી એ પણ નહિ ચાલે, બોલવુ હોય તેટલુ બોલો પણ અમારૂ પ્રવચન તમારે સાભળવુ પડશે, સાભળ્યા વગર તમે નહિ જઈ શકો, નહિતર આગળ બોલતા નહિ, આગેવાન ઉદ્દઘાટન કર્તા તો આ સાભળીને ડઘાઈ જ ગયા સ્તબ્ધ

બની ગયા પૂ આચાર્યશ્રીના પ્રભાવશાળી શબ્દો સાભળતા જ તેમનું નૂર ઉતરી ગયુ જેમ શેરની ગર્જનાથી હરણીયુ કપી ઉઠે તેમ તે કપી ઉઠ્યા અને તરતજ તેમણે પેનાનું વક્તવ્ય ટૂંકાણમા પુરુ કર્યું ત્યારબાદ પૂ આચાર્યશ્રીએ જૈન શ્રમણો જે અજોડ ઉપકાર જગતમા કરી રહ્યા છે તેનુ યુક્તિ મગત વર્ણન કર્યું હતુ તેઓશ્રીએ જણાવ્યુ કે સમારી માણસ ગમે તેટલો બાહ્ય ઉપકાર કરશે તોપણ જૈન સાધુના ઉપકારની તોલે તે નહિ આવી શકે, જૈન સાધુઓ બોલે છે અને પાળે છે ઉચ્ચ જીવન ગાળી જગતને સન્માર્ગ ચીધે છે, સ સારી માણસ બહુ બહુતો ભૂખ્યાને અન્ન, તરસ્યાને જળ અને વસ્ત્ર વિહોણાને વસ્ત્ર મકાન વિ આપી થોડા વખત માટે બહારની સામગ્રી પૂરી પાડી જરૂર તેને શાત્વન આપી શકશે આશ્વાસન આપશે અને તે આ શીર્વાદ રૂપ નિવડશે પણ તે જન્મ મરણથી બચાવી શકશે નહિ ત્યારે જૈન સાધુઓ તો જગતને સાચો રાહ દર્શાવી અહિંસા, સયમ, સદાચાર અને ન્યાય નીતિના પથે વાળી અને શ્રેયના મજુલ મગળ માર્ગે દોરી જાય છે જેથી તેની જન્મ મરણોની જ જીર તૂટી જાય છે જન્મ મરણની બેડી કાપી અને એને શાશ્વતધામે પહોચાડશે એક આત્માને ધર્મના પથે ચઢાવવામા ઘણોજ લાભ સમાયેલો છે કારણ કે ધર્મી બને એટલે અહિંસક બને, સદાચારી બને અને નીતિ- માન બને અને થોડાજ સમયમા મુક્તિ સૌધમા સીધાવે. જ મ જન્મમા એના હાથે અસખ્ય-અસખ્ય અરે અનત- અનત જીવોની હિસા થવાની હતી તેનાથી તે બચી જાય

છે આચાર્યશ્રીનો આ ઉપદેશ શ્રવણ કરનાજ ઉદઘાટન કરનાર આગેવાન તો નાજજડ થઇ ગયા, અને છે લે કહેતા ગયા કે ફરી જરૂર આપને મળીશ અને આપના જ્ઞાનનો લાભ લઇશ સમાજનો તો સૂરીશ્વરજીની અડગતા નિડરતા અને સમજાવવાની સુંદર શૈલીથી ખૂબજ પ્રભાવિત થયા, એટલુજ નહિ પણ ભારે આશ્ચર્ય પામ્યા

મોટા ભાગે આપણા લોકો મોટા માણસો-નેતાઓને આમ ત્રે છે પછી એ લોકો જૈન સમાજને બુદ્ધુ સમજી ફાવે તેમ બકવાદ કરીને વિદાય લે છે આપણે એની સામે બોલી શકતા નથી, આપણા ધર્મગુરૂ તેમજ શાસ્ત્રની વિરુદ્ધ અનેક વાતો બોલીને-સંભળાવીને હાલતા થાય છે, અને સાભળવા માટે જયારે તેમને કહેવામા આવે, ત્યારે તેઓ જવાબ આપે છે કે હવે મને ટાઈમ નથી, હુ અમુક જગ્યાએ એ ગેજ છુ, એમ કહી વિદાય લે છે અને આપણે એને હારતોરા પહેરાવી ઉલટા ઉપરથી એનુ સન્માન કરીએ છીએ

માટે આવા ધાર્મિક જાહેર પ્રસંગોમા ઊંચા હોદ્દેદારોને-આગેવાનો યા નેતાઓને બોલાવતા બહુ વિચાર કરવાનો છે બોલાવના પહેલા પૂરી તૈયારી જોઇએ, જવાબ આપવા ની હિંમત હોવી જોઇએ, નહિતર ન બોલાવવા સારા કે જેથી આપણી નનામ ન આપણી ઠેકડી ન વાય, આજે ઘણા પ્રસંગોના આવુ બને છે એવા મોટાઓનો મોહ રાખવાની જરૂર નથી આપણે એમને માન સન્માન આપીએ હારતોરાવી. નવાજીએ અને એજ આપણી ઠેકડી કરીને ચાલ્યા જાય, એ આપણા માટે અતીવ શોચનીય વસ્તુ છે

[૯]

ક્ષમાપના

જૈન શાસનમા ક્ષમાપના પર્વ તરીકે સુવિખ્યાત શ્રી પર્વાધિરાજ શ્રી પર્યુષણા પર્વનુ મગળ આગમન પ્રતિવર્ષ થાય છે અને વિદાય લે છે પણ આ મહાપર્વ જીવનમાં અનેરી સુવાસ પાથરી જાય છે ગુલાબના અત્તરનુ એક બિંદુ જેમ આખાય ખડમા મઘમઘી ઉઠે તેમ, શ્રી પર્યુષણાપર્વ વાતાવરણને મઘમઘતુ બનાવી મૂકે છે તેમા કેટલાક કહેવા હોય છે, કેટલાક સહેવા હોય છે અને કેટલાક ભહેવા હોય છે તેમા ભહેવા એટલે ભાદરવા માસમા તો અવશ્ય જૈન નામધારી કોઈપણ વ્યક્તિ કઈકને કઈક આરાધના કરે છે

પર્યુષણા પર્વમા મુખ્ય વે ક્ષમાપનાનો મધુર સૂર ગુંજતો થાય છે પરસ્પર સૌ ક્ષમાપના કરે છે એક બીજાને ખમાવે છે આવુ અતરને અજવાળતુ મહાપર્વ જૈન શાસન સિવાય અન્યત્ર આપણને જોવા નહિ મળે

ક્ષમાપનાના હાર્દને સમજાવતુ આ મહાપર્વ આપણને સુદર બોધપાઠ આપી જાય છે 'મિત્તીમે સ વ ભૂએસુ' આ સૂત્રનુ એજ રહસ્ય છે વિશ્વના સઘળાય જીવો આપણા મિત્ર સમાન છે મિત્રના માટે માણસ સર્વસ્વ સમર્પણ

કરવા તૈયાર થાય છે જગતના સઘળાય જીવો પ્રત્યે જો આપણે મૈત્રીભાવ રાખતા શીખીએ તો ખરેખર રગડા-ઝગડા, ક્લેશ-કલેશ, ઇર્ષ્યા અને અસૂયા જેવા નિંદ્ય તત્વો તો દૂર-સુદૂર ભાગી જાય પણ ખેદની વાત છે કે-આજે આ નિંદ્ય તત્વો ખૂબ ફાલ્યા ફુલ્યા છે અને શાસનના અંગ-પ્રત્યંગને કોરી રહ્યા છે આ કષાયોએ અનાદિકાળથી આપણા ઉપર વર્ચસ્વ જમાવ્યું છે આપણા ઘરમાં એમણે અડ્ડો જમાવ્યો છે વિના રજાએ એમણે આપણા ઘરમાં પ્રવેશ કરી, સગા સ્નેહી-સંબંધી અને પ્રિયજનો સાથે લડાવ્યા છે એ કષાયોને કાઢે જ છૂટકો છે પણ એ ત્યારે જ બને કે જ્યારે આપણને એ કષાયોના પરિણામનો ખ્યાલ આવે, પરિણામે આત્માને નુકસાન મે ન કરે છે એવુ જો ખ્યાલમાં આવે તો જરૂર કષાયો પાતળા પડે અને ધીરેધીરે નિર્મૂળ થાય, તે માટે સતત ચિંતન-મનન અને નિદિધ્યાસનની જરૂર છે કારણ કે આ કષાયો મહાભયંકર છે ચોર ડાકુ અને લૂટારુ કરતા પણ મહાદુષ્ટ છે એના પંજામાંથી મુક્ત થયે જ છૂટકો છે ભાઈભાઈમાં વૈર-વિરોધ કરાવનાર આ કષાયો છે, માતા પિતા સાથેનો સ્નેહભર્યો સંબંધ નિર્મૂળથી નાશ કરનાર આ કષાયો છે મિત્રો સાથેનો મૈત્રી ભર્યો સંબંધ તોડનાર કષાયો છે ભાઈ ભગીની વચ્ચે, પતિ પત્ની વચ્ચે અને આડોશી પાડોશી સાથે કલહ કરાવનાર આ કષાયો છે અગ્નિ કરતા પણ ભૂંડા અને ચંડાળથીય ખરાબ આ કષાયો છે

પ્રાચીન સજ્ઝાયમાં પણ આવે છે ને 'કડવા ફળ છે

નારા જ એક દિવસ ચઢશે, એ વાત પણ ભૂલવા જેવી નથી જેને ચઢવાના પ્રયત્ન મૂખ્યો કર્યો નથી એ ક્યાર પણ ચઢી શકવાનો નથી, પણ જેણે ચઢવાનો પ્રયત્ન કર્યો છે તે વ્યક્તિ ચઢતા ચઢતા કદાચ કર્મવશે પડી જાય, ગબડી જાય, તો પણ એક દિવસ એ જ ચઢશે પાણીને ઊચે લઈ જવા માટે, ઉપર ચઢાવવા માટે પપ, યત્ર ઈ સાધનોની જરૂર પડે છે પણ ઉતારવા માટે નહિ એવી જ પરિસ્થિતિ આત્મા માટે છે આત્માનુ વલણ અનાદિ કાળથી એ તરફનુ છે ચઢવા માટે તો મહાન પ્રયત્નની જરૂર રહે છે એવરેસ્ટના શિખરે આરોહણ કરનાર તેન સિગ શેરપા જેવા એવરેસ્ટ વિજેતા ગણાયા અને દુનિયાની દષ્ટિએ અભિનદનના પાત્ર બન્યા પણ આત્માના ચઢાણ આગળ આ ચઢાણ સાવ સામાન્ય છે આત્માના શિખરે યાને આત્માની પરમોચ્ચદશાએ પહોંચો ત્યારે ખરા! ભલભલા મલ્લોને ભોય ભેગા કરનાર, રણાગણમા સામી છાતીએ ઝઝુમનાર અને શેરનો શિકાર કરનાર યા મદોન્મત્ત હાથીના ગડસ્થળને ભેદનારા અનેક બહાદુરો મળી આવશે પણ વિષય-કષાયને જીતનારા વિરલ જ મળી આવે છે આપણે વિષય-કષાયના વિજેતા બનવાનુ છે અને આ મહાન કાર્ય માનવભવમા સાધી શકાય તેવુ છે એમા ય આર્યદેશ, ઉત્તમકુળ અને ઉત્તમ એવી દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રી આપણને મળી છે આવુ મહાન જૈન શાસન જેવુ, મહાશાસન મળવુ અત્યત દુર્લભ છે, કેટકેટલાક પુણ્યે આત્માએ આ ઉત્તમ, ઉન્નત અને આદર્શ

સામગ્રી મેળવી છે એનો [illegible]
એક સેકન્ડ પણ રોજ આત્મા [illegible]
કરે તો તેને ખ્યાલ આવે કે, [illegible]
આવી ઉત્તમોત્તમ સામગ્રી [illegible]
કવામા ન આવે અને [illegible]
કમ કાઢવામા ન આવે તો પછી [illegible]
સાનથી રાગશે માટે—'હે ચેતન! [illegible]
આમ કા ભૂલો ભમે છે [illegible]
રૂપ પાણીથી અંતરને [illegible]
બાગી, અનાદિની કુટેવોને ટાળી [illegible]
દશાને પ્રાપ્ત કરવી હોય તો [illegible]
બેઠેલા એ કષાયોને દૂર કરવા [illegible]
પડશે આજે તપ, જપ, ત્યાગ, [illegible]
પૂજા—પાઠ ઇ બાહ્ય ક્રિયાકાંડો દેખીએ [illegible]
અંતરના કષાયો ઘટ્યા નથી પણ [illegible]
દોક રેગા ભાસે છે ત્યારે આપણે [illegible]
ક્રિયાકાંડથી યા જે તપ ત્યાગ [illegible]
વવી જોઈએ તેના બદલે જ્યારે [illegible]
કેટલુ શોચનીય છે? એમા તપ—[illegible]
નથી, પણ વાંક છે એ [illegible]
તથા પ્રકારની યોગ્યતાનો [illegible]
લાગે છે બાકી અમૃત ગમે [illegible] ગમે ત્યા [illegible]
લાગે અને ઝેર ગમે ત્યારે અને [illegible]
કષાયના આવેશમા મ[illegible] ભૂલી જાય

જેવો બની જાય છે, ધમાલ મચાવી મૂકે છે એની મગજની ડીગ્રીનો પારો આગળ વધી જાય છે, ખસી જાય છે હું આવો અને હું તેવો મને કોણ કહેનાર! અને એ બીજાને કહી શકે કે, આમા કઈ નથી આ તો આવા છે ને તેવા છે આવી અર્થહીન પાપ બધાવનારી ક્રિયાઓ ધર્મી–ખપી–તપી આત્માઓ પણ જ્યારે કરતા હોય તો એના ત્યાગ–તપની અસર બીજા ઉપર શી રીતે પડે? માટે સૌએ એક જ લક્ષ્ય રાખવાનુ છે અને તે એ કે અમારા ખરા દુશ્મનો કષાયો છે ખરો મોરચો અમારે એની સામે માડવાનો છે

આવા મહાન પર્વમાથી ક્ષમાનો આદર્શ ઝીલી આત્મામા ખૂબ સમતાભાવ કેળવવાનો છે, આત્મા વિભાવ દશામાથી સ્વભાવદશામા આવી જાય તો મુક્તિ–મોક્ષ કઈ દૂર નથી, એ તો જમણા હાથનો ખેલ છે આ માટે મહાપુરૂષોના જીવનચરિત્રો અવલોકવા પડશે, ખમી ખાતા શીખવુ પડશે જીભને કાબૂમા રાખવી પડશે, વાણી ઉપર કટ્રોલ કરવો પડશે વાતવાતમા તપી નહિ જવાય કષાયના પરિણામનુ સતત ચિંતન–મનન કરવુ પડશે દરરોજ જિનવાણીનુ પાન કરવુ પડશે મગજને ઠેકાણે રાખવુ પડશે ઇંદ્રિયોનુ દમન કરવુ પડશે અને કુવાસનાનો વિજય કરવો પડશે

બસ આ મહાપર્વમાથી 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' નો પાઠ શીખી અતરમા ઉતારી, જીવનમા વણી લઈ જીવનને અજવાળવાનુ છે

(૧૦)

અપૂર્વ પ્રસંગ

તાજેજ પ્રસ ગ છે આ વર્ષે [વિ સ ૨૦૨૦] શ્રી પર્યુંષણ પવ ની આરાધના કરાવવા વધ માન જૈન સ ઘની વિનતી થતા પૂ પાદ ગુરુદેવે મને ઉસ્માનપુરા મોકલ્યા હતો પર્યુંષણ પર્વનો બીજો દિવસ હતો, બીજા દિવસે વર્ષમા કરવા યોગ્ય અગ્યાર કર્તવ્યોનુ વર્ણન આવે છે તે પૈકી એક કત વ્ય સ ઘપૂજનનુ છે,સ ઘની પૂજા પણ યથાશક્તિ વર્ષમા એક વાર અવશ્ય કરવી જોઈએ સ ઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા આ ચતુર્વિધ સ ઘ એટલે દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નોની મહાખાણ, આ મહાખાણમા હીરા માણેક કરતા પણ મહામૂલ્યવાન રત્નો રહેલા છે તીર્થંકર દેવોના આત્માઓ, ગણધર ભગવ તના આત્માઓ, મહાપ્રભાવક જૈનાચાર્યોના આત્માઓ અને ભાવિત અણગારના આત્માઓ હોય છે સ ઘમાથી જ આ ઉત્તમ હીરાઓની પ્રાપ્તિ થાય છે માટે જ શ્રીતીર્થંકરદેવો શ્રી સમવસરણમા "નમો તિત્થસ્સ" કહી બિરાજે છે અને આપણે પણ

વ્યાખ્યાન આદિ સભામા શ્રી સઘને નમસ્કાર કરીને બેસીએ છીએ એ પણ એ જ વસ્તુનુ અનુકરણ છે, શ્રી ધર્મનાથ સ્વામી ભગવાન એક વખત સમવસરણમા બિરાજેલા હતા ૬૪ ઈંદ્રો કોડાકોડી દેવો, દેવીઓ, અગણિત નરનારીઓ અને પશુ પક્ષીઓથી સમવસરણ ખીચોખીચ ભરાઈ ગયુ હતુ શ્રી તીર્થંકર દેવની દેશના પછી ઈદ્ર મહારાજાએ બેકરજોડી વિનમ્રવદને પરમાત્માને પૂછ્યુ હે પ્રભો! આ સમવસરણમા રહેલા આત્માઓમા ક્યો જીવ પ્રથમ મોક્ષે જનાર છે? ત્રિકાલ જ્ઞાની પરમાત્માએ જવાબ આપ્યો હે ઇદ્ર! મારી સામે રહેલો અને મને જોઈને નૃત્ય કરી રહેલો આ ઉદરનો જીવ આ બધામા સૌથી પ્રથમ મોક્ષે જનાર છે આ વાત શ્રવણ કરતા સભાજનો તો આભાજ બની ગયા અને ભારે આશ્ચર્ય પામ્યા સભામા ગણધર ભગવતો હતા, કેવળજ્ઞાનીઓ હતા, મહાઅણગારો હતા, અનેક સાધુરત્નો નરરત્નો અને સ્ત્રીરત્નો હતા એ બધાય કરતા આ ઉંદર શુ પ્રથમ મોક્ષે જશે! આ વાત સાભળતા કોને આશ્ચર્ય ન થાય! પરમાત્માની વાણી પર સૌને અનન્ય શ્રદ્ધા હતી અને ભારે આસ્થા હતી દેવો અને ઇંદ્રો વગેરે–એ ઉદરને વહાલભર્યા હૈયે રમાડવા લાગ્યા પ્રભુએ જણાવ્યુ કે આ ઉદરનો જીવ અત્યારે અણસણ કરી થોડા જ દિવસમા કાળ કરી અહીંથી મહાવિદેહ ક્ષેત્રમા માનવ જન્મ પામી લગભગ નવવર્ષની ઉમરે કેવળજ્ઞાન મેળવી મોક્ષમા જનાર છે એટલે કેટલીક વખત જેને પ્રથમ ક્ષણે, પહેલી પળે અને પહેલી નજરે આપણે

તિરસ્કારતા હતા જેને આપણે મહાઅધમ અને પાપી કહી સંબોધતાં હતા તે આત્મા બીજે જ દહાડે અને બીજે પહોરે કેવળજ્ઞાન પામ્યાના સપ્રમાણ દાખલાઓ જૈન ઇતિહાસમાં નોંધાયા છે.

ઘણા, નિંદા કે કુથલી કરનારાઓ અને તપ, ત્યાગના મદમાં ચકચૂર બનેલા કેટલાક આત્માઓ બિચારા રખડી રહી જાય છે. ભગવાને જે ચાર ભાવનાઓ—મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ, કરૂણા આ ચાર ભેદો ભાવનાઓ બતાવી છે પણ પર નિંદા ભાવના, પર ગીરા કુથલી ભાવના બતાવી નથી. ઉપર બતાવેલ કહે છે કે જેઓ પોતાના ત્યાગ, તપના અભિમાનમાં ડૂબી જઈ પાડે છે ઈર્ષા, અસૂયા કરે છે અને બીજાની નિંદા કરે છે તેવા આત્માઓને આત્મના ભવ ભ્રમણ, અનંત ભવ ભ્રમણ કરવું પડે છે, વ્યાખ્યાનમાં આ બધો વિષય ચાલતો હતો. આ વ્યાખ્યાનની સભાજનો ઉપર બહુ સારી અસર થવા પામી હતી.

તેમાંથી રાત્રે એક નવજવાન ગૃહસ્થ મારી પાસે આવ્યા. આપ બહુ વિવેકી હતા, ગૂઢ વિદ્વાનના મર્મને સમજનારા હતા. ધીરે રહીને મને કહે, સાહેબ! આજનું આપનું વ્યાખ્યાન ઘણું કરીને મારી ભાવના સંપૂર્ણ કરવાવાળી થઈ છે અને તેમણે પોતેજ તેને એક દૃષ્ટાન્ત સમજાવ્યું કે જે આપ એવું ગુરૂદેવ પાસેથી સાંભળ્યું છે, કે એક શેઠે સ્વામીવાત્સલ્ય કર્યું અને શેઠ આદરપૂર્વક જમાડતા હતા તેવામાં

બે રબારી જમવા માટે અંદર ઘુસી ગયા એમના કપડાં જ એમની જાત કહી આપતા હતા શેઠને થયું, કોણ છે આ? કાઢો બહાર એમ કહી બિચારા બંને રબારીઓને બહાર કાઢી મૂક્યા પેલા બિચારા નિરાશ વદને એક બાજુ ઉભા રહ્યા શેઠ જો ધર્મનો મર્મ સમજ્યા હોત તો એ બંને રબારીઓને બહાર ન કાઢત ધર્મ પ્રભાવનાનો અર્થ જ ઘણા માણસો સમજતા નથી ધર્મપ્રભાવના એટલે જેનાથી ધર્મની પ્રભાવના થાય ધર્મની પ્રભાવના ક્યારે થાય! આપણું કાર્ય જ એવું હોય કે સામા માણસને આપણા ધર્મની અનુમોદના કરવાનું મન થાય, જો શેઠે આ બંને જણાને જમાડ્યા હોત તો એ લોકો જૈન ધર્મની કેવી પ્રશંસા અને અનુમોદના કરત પણ શેઠજી આ વાતના રહસ્યને સમજતા ન હતા એટલે એમણે બે જણને કાઢી મૂક્યા હજાર માણસમાં બે માણસ કંઈ ભારે પડવાના હતા નહિ પણ આવી ઉમદા ભાવના આવવી એમાં પણ પુણ્યનો ઉદય જોઈએ શેઠ જરા આડા અવળા થયા કે તરત જ શેઠજીના મુનિમે એ બંને જણને ખૂણામાં બેસાડીને જમાડી દીધા

એક વખત આ નગરીમાં અતિશય જ્ઞાની ગુરૂ ભગવંતની પધરામણી થતાં શેઠે પૂછ્યું ગુરૂદેવ! મેં થોડા વખત પહેલાં સાધર્મીક વાત્સલ્ય કર્યું હતું તેમાં કોઈ ઉત્તમ આત્મા હતો?

જ્ઞાની ગુરૂદેવે જણાવ્યું હા, બે ઉત્તમ આત્માઓ

હતા તેમાં એક હતો તીર્થંકરનો આત્મા અને બીજો હતો ગણધરનો આત્મા શેઠે પૂછયુ સાહેબ ? કોણ એ ઉત્તમ આત્માઓ હતા ? ગુરૂદેવે જણાવ્યુ તમે જે રબારીઓને કાઢી મુકયા હતા, તેમા એક ગણધરનો જીવ હતો અને એક હતો તીર્થંકરનો જીવ, તમે બનેને ન જમાડયા પણ તમારા મુનીમજીએ બન્નેને જમાડયા હતા

જ્ઞાની ભગવતના મુખથી આ વાત શ્રવણ કરતા શેઠને પારાવાર દુ ખ થયુ અને સાથે મુનીમજીએ જમાડી દીધા જાણી અપાર હર્ષ થયો

કહેવાનુ તાત્પર્ય એ છે કે કોણ કયો આત્મા છે તે આપણે જાણી શકતા નથી તે તો જ્ઞાનીઓ જ જાણી શકે આવા કોઇ ઉત્તમ આત્માની ભક્તિ થઈ જાય તો બધુ સફળ થઈ જાય

૨

ઉપર્યુક્ત દષ્ટાંત મને એ આગેવાન સદ્ગૃહસ્થે સમજાવ્યુ માથી એ સઘ પૂજા કરનાર વ્યક્તિ સઘપૂજા કેટલી સમજપૂર્વક કરે છે અને કેવો ધર્મનો મર્મ જાણે છે એમની વાત સાભળી મારુ હૈયુ પણ હર્ષના હિલોળે ચઢ્યુ બીજે દિવસે સવારે વ્યાખ્યાન વચ્ચે જ સઘપૂજાની જાહેરાત થઇ અને મે જણાવ્યુ કે જે ભાઇ આજે અત્રે સઘપૂજા કરવાના મનોરથો સેવે છે એમની કેવી ઉત્તમ અને ઉદાર ભાવના છે એ વાહ વાહ ખાતર લોકોને શ્રીફળ અને રૂપિયો આપવાની ભાવના સેવતા નથી પણ

શ્રી સંઘપૂજામાં કોઈ ઉત્તમ આત્માની ભક્તિનો લાભ અને સાધર્મીભાઈઓની ભક્તિનો લાભ મળે અને કંઈક મારી લક્ષ્મી સફળ થાય એ ભાવનાએ જ તેઓ સંઘ પૂજા કરવા ઈચ્છે છે, કોણ હશે એ ભાગ્યશાળી, એમ સૌ કોઈની જાણવાની ઉત્કંઠા હતી સંઘનો ઉલ્લાસ અનેરો હતો લોકોના હૈયા હર્ષ અને ઉલ્લાસથી ગદગદ થતા હતા ત્યાં જ એ આગેવાન ગૃહસ્થે અને એમના પુત્રરત્ન અને પુત્રવધૂએ પ્રારંભમાં સોનામહોરો મૂકી વાસક્ષેપથી શુરૂ પૂજન કર્યું અને પુસ્તકો વહોરાવ્યા સાધ્વીજી મહારાજ ઓને બહુમાનપૂર્વક પુસ્તકો વહોરાવ્યાશેઠના સુપુત્ર સૌને ભાવભર્યા હૈયે નત મસ્તકે કંકુના તિલક કરી અને શ્રીફળ અને રૂપિયો આપવા લાગ્યા સૌ સભાજનો પણ નમીને બે હાથ જોડીને રૂપિયો અને શ્રીફળ સ્વીકારતા હતા બહેનોને શેઠના પુત્રવધૂ ખૂબ આદરપૂર્વક રૂપિયો અને શ્રીફળ અર્પણ કરતા હતા સૌ શિસ્તપૂર્વક સ્વીકારતા હતા હર્ષ અને આનંદના અનેરા વાતાવરણ વચ્ચે આ ભવ્ય સમારંભ પૂર્ણ થવા પામ્યો આ વખતે લગભગ ૮૦૦ ભાઈ બહેનો હાજર હતા રૂા ૧૦૧ની ઉછામણી બોલી એક આગેવાન ગૃહસ્થે સંઘપૂજાનો લાભ લેનાર શેઠને શ્રી સંઘ તરફથી તિલક કરી બહુમાન કર્યું હતુ આ પ્રસંગની સુવાસ ચોમેર પ્રસરી અને સૌ આ ભવ્ય પ્રસંગની ભૂરિ ભૂરિ અનુમોદના કરતા હતા "બહુ રત્ના વસુંધરા" તે આનું નામ આવા ઉત્તમ આત્માઓ આજે પણ જૈન શાસનની અનુપમ પ્રભાવના કરી જીવનને ધન્ય બનાવી રહ્યા છે

શેઠશ્રીએ મને કહ્યુ સાહેબ! આ વાત છાપા વગેરેમા આપવાની નથી

કેટલાક અણુસમજુ આત્મા વગર વિચારે બોલી નાખે છે કે આ બધા ધર્મીઓ વાહ વાહ ખાતર કરે છે એને ઉપરની વાતથી ધડો લેવાનો છે કે આવુ ઉત્તમ કાર્ય કર્યા છતા લેશ પણ જેમને નામનાની પડી ન હતી

કેટલાક માણસો એવા હોય છે કે જેને કઈ કરવુ કરાવવુ નથી એવા આત્માઓ નિંદા કુથલી કરીને અને ટીકા-ટીપણી કરીને નકામા કર્મબંધના ભાગીદાર બને છે

૩

થોડા વખત પૂર્વે અમે દક્ષિણ ભારતના વિહારમા એક નગરમા ચાતુર્માસ હતા ત્યારે દરરોજ ૪૦-૫૦ નવયુવાનો ધર્મચર્ચા કરવા આવતા હતા અને વિવિધ પ્રશ્નો પૂછતા હતા અને હુ એનુ સમાધાન કરતો હતો કેટલાક મોટી ઉમરના ભાઈઓ પણ ધર્મચર્ચા સાભળવા માટે આવતા હતા અને જરા દૂર બેસતા હતા એક વખત એક નવયુવાને પૂછ્યું સાહેબ! આ બધા ધર્મી આત્માઓ દેરાસર તથા ઉપાશ્રય વગેરે બાધવામા જ પૈસા ખર્ચે છે પણ ગરીબોને નથી આપતા, મે કહ્યુ ભલે એ લોકો મદિર ઉપાશ્રયમા પૈસા આપે તમે ગરીબોને આપો તો શું વાધા છે? આમ એની વાતમાં જરા ધર્મી આત્માઓ પર કટાક્ષ થતો હતો, હુ કાઇક વધુ સમજ

વવાપ્રયત્ન કરતો હતો ત્યા તો એક મોટી ઉમરના ભાઈ ઉભા થયા અને એમણે તો સીધો પૂછનારનો કાન પકડયો બેટા ! દુનિયાની વાત કરે છે પણ તુ મહિનામા ૩૦૦ રૂપિયા કમાય છે કયા દિવસે, કોને ૫-૧૫ આપ્યા તે પહેલા બનાવ પછી બીજાની વાત કર, કોરી વાતો જ કરવી છે, એ ભાઈએ તો બરાબર એનો ઉધડો લીધો અને કહ્યુ કે જે લોકો મદિર ઉપાશ્રયમા રકમ આપે છે એ જ લોકો સાધર્મીઓને અને ગરીબોને આપે છે એ કાઈ ઢોલ પીટીને બધાને કહેતા ફરતા નથી કે અમે આમ કર્યું ને અમે તેમ કર્યું પેલો નવયુવાન તો ડઘાઈ જ ગયો, કારણકે વાત સાચી હતી, કોઈ દિવસ કોઇને ૫-૧૫ આપ્યા ન હતા શુ બોલે એવા સુધરેલા માણસોના બગલા બહાર NO ADMISSTION WTHOUT PLRMISSION આવા બોર્ડ લાગેલા હોય છે બિચારો સામાન્ય વર્ગ તો કોઈ દિવસ ત્યા જઈ શકે જ નહિ અને ભૂલે ચૂકે જાય તો કુતરાઓ Dogs' ફાડી જ ખાય ને ? એવાઓને ત્યા તો શૂટ-બૂટથી સજ્જ થયેલા મહેરબાનો જ જઈ શકે

ધર્મને સમજેલા આત્માઓને ગુરૂમહારાજ તરફથી દયા-દાન વગેરે સુપાત્રમા સદ્દવ્યય કરવાની પ્રતિદિન પ્રેરણા મળે છે અને કઇક એવા પુણ્યાત્માઓ છે કે જે એક હાથે આપે અને બીજો હાથ પણ ન જાણે એવા ઉત્તમ આત્માઓ આ કાળમા પણ વિદ્યમાન છે

"ધન્ય છે એ પુણ્યાત્માઓને"

૪

मिथ्या द्रष्टि सहस्त्रेपु वरमेको ,हाणु व्रती अणुव्रती सहस्त्रेपु वरमेको हि महाव्रती । महाव्रती सहस्त्रेपु वरमेको हि तात्विक, तात्विकेन सम पात्र न भूतं न भविष्यति ॥

હજાર મિથ્યા દૃષ્ટિ કરતા એક અણુવ્રતી યાને દેશવિરતિધર વધી જાય છે અને હજાર દેશ વિરતિધર કરતા એક મહાવ્રતધારી વધી જાય છે અને હજાર મહાવ્રતધારી સાધુ પુરુષો કરતા એક તાત્વિક મહાપુરૂષ વધી જાય છે

હરેક વસ્તુનો આધાર પાત્ર ઉપર હોય છે એક બીજ ઉખર ભૂમિમા વાવવાથી બળી જાય છે, સાગર કિનારે તે જ બીજ નિષ્ફળ જાય છે અને માલવદેશની ફળદ્રુપ જમીનમા એ જ બીજ અનેક ગણુ ધાન્ય આપે છે વર્ષાઋતુનુ પાણી તપેલા લોખંડના ગોળા ઉપર પડતા ભસ્મ થઈ જાય છે, કમળપત્ર ઉપર એજ પાણીના બિંદુઓ મોતીના દાણા જેવા મનોહર લાગે છે ગંગા નદીમા પડતા ગંગાજળ કહેવાય છે અને ગટરમા પડતા કેવુ બેહુદુ લાગે છે વસ્તુ એકની એક હોવા છતા જેવા જેવા સંયોગમા આવે તે પ્રમાણે તેની કિંમત અકાય છે

માણસ બધા સરખા પણ એક ભીખ માગે છે અને એક હજારોનુ પેટ ભરે છે એક પૂજાય છે તો એક રીબાય છે

તેવી જ રીતે તીર્થંકર દેવના આત્માઓ, ગણધર ભગવંતના આત્માઓ, સાધુ ભગવંતો, વ્રતધારી શ્રાવકો અને

સમકિત દ્દષ્ટિ આત્માઓમા ઉત્તરોત્તર એકએકથી અનેક ગણુ ચઢીયાતા છે

માટે જ સુપાત્ર દાનની મહત્તા છે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનમદિર, મૂર્તિ અને જ્ઞાન આ સાત પવિત્ર ક્ષેત્રો છે

---

[૧૧]

વિ સ ૧૯૯૮ નો આ પ્રસગ છે પણ ખરેખર અદભૂત પ્રસગ છે, ૨૮૦૦] રૂપિઆની મીલકત વાળી એક ડોસીમા ઉદાર હૃદયે ચાણસ્માથી શ્રી ભોયણીજી તીર્થનો છ'રી પાળતો સઘ કાઢવા તૈયાર થાય એ શુ નાની સુની હકીકત છે! ડોસીમાને કોઇ કમાવનાર હતુ નહિ, બીજી કોઇ આવક નહિ કેવળ ૨૮૦૦ ની મૂડીમા જ જીવન નિર્વાહ ચલાવવાનો હતો વાત એમ બની કે ડોસીમા પૂ ગુરુદેવને વિનતી કરવા લાગ્યા કે સાહેબ! ૄ રેલગાડીનો સઘ લઇ ભોયણી જઉ હુ અમે ત્યા પહોચીએ તે અવસરે આપ ત્યા પધારો તો ઘાણુ સારુ થાય! પૂ ગુરુદેવે કહ્યુ, વાહ ડોસીમા! તમે તો રેલગાડીનો સઘ કાઢીને ત્યા સીધા પહોચો અને અમને કહો તમે ત્યા સીધા વિહારકરી પધારજો એના કરતા છ'રી પાળતો સઘ કાઢો તો શુ વાધો છે? સાહેબ! એટની શક્તિ જોઇએ ને! ગુરુદેવે કહ્યુ, કેટલા ખચ વાની

ભાવના ! છે ? સાહેબ ! રૂા ૧૨૦૦મા કામ થાય તો છ'રી પાળતો સઘ કાઢુ ? ત્યારે ગુરુદેવે જણાવ્યુ ડોશીમા ! છ'રી પાળતા સઘમા તો થોડા ખર્ચ વધારે થાય એ સ્વાભાવિક છે ડોશીમા કહે થોડા વધારે આપીશ આમ વાત થઈ અને ગુરુદેવે ગામના આગેવાન ગૃહસ્થોને બોલાવ્યા અને આગેવાનોને કહ્યું, જુઓ ભાઈ! ડોસીમાની ભાવના સઘ કાઢવાની છે રૂા ૧૨૦૦ ખરચવાની ભાવના છે પણ છ'રી પાળો સઘ નિકળે તો થોડા વધારે આપે, કેટલો ખર્ચ થાય! સૌએ વિચાર કરી જવાબ આપ્યો સાહેબ ! ૧૫૦૦ થી ૧૭૦૦ થાય! પાછા આ તો વ્યાપારી, બધાએ વિચાર કર્યો વધારે થાય તેમ લાગે છે ડોસીમાને કહે ડોસીમા! વિચાર કરતા બે હજાર ખર્ચ થશે એમ લાગે છે, ડોશીમા કહે બે હજાર તો બે હજાર, પણ ગુરુદેવ પધારતા હોય અને છ'રી પાળતો સઘ નીકળતો હોયતો ભલે, બે હજાર આપીશ આગેવાનોએ કમ્મરકસી, તડામાર તૈયારી થઈ, એ્લાના ગામમા મરણ થયુ, વધારે માણસ આવવાની આશા નહોતી પણ ડોશીમાના પુણ્યે ૫૦૦ થી ૬૦૦ માણસ થયા ૩૫-૪૦ સઘમા ગાડા હતા અને ચાણસ્માથી ભોયણીજીનો રસ્તો ફક્ત ચાર દિવસનો પણ દિવસ થયા અગ્યાર

ગામ ગામના સઘોએ સઘનુ સ્વાગત કર્યું, પરસ્પર જમણ અપાયા જ્યા જે ખાતામા તોટો હોય તે ખાતામા આપવા માટે શ્રી સઘે રૂા ૧૧૦૦)ની ટીપ કરી, સ્થળે

સ્થળે જાહેર વ્યાખ્યાનો ગોઠવાતા હતા, સાધર્મી ભાઈઓની ભાવભર્યા હૈયે ભક્તિ થતી હતી, અનેક દેરાસરોના દર્શન થતા હતા, જૈનેતરો પણ ડોસીની ઉદારતા અને સંઘના દર્શન કરી ભૂરિ ભૂરિ અનુમોદના કરતા હતા શ્રી ભોયણીજી તીર્થમાં પ્રભુજીની ખૂબ ખૂબ ભક્તિ કરવામાં આવી, એક નવકારશી થઈ-છેલ્લે દિવસે ૧૦૦૦-૧૧૦૦ માણસો એકત્રિત થયા ગુરુદેવે પ્રવચનમાં છ'રી પાળતા સંઘમાં સાતે ક્ષેત્રોની પુષ્ટિ થાય છે અને એમાં અનેરો લાભ સમાયલો છે વિ વર્ણન કર્યું બધો થઈ સંઘનો ખર્ચ ૧૧૦૦૦) થયો તેમાં ભાવિકોએ આપેલા જમણ વિ નો ખર્ચ આવી ગયો પણ ડોસીમાના બે હજારમાથી ઉલટા ૧૫૦) દોઢસો બચ્યા, તે દોઢસો પણ ડોસીમાએ ઘરમાં રાખ્યા નહિ, ફરી પાછા ગુરુદેવ ચાણસ્મા પધાર્યા ત્યારે ડોસીમાએ પ્રભાવના વિ ધર્મ કાર્યોમાં ખર્ચી નાખ્યા

એક ડોસીમા-રુ ૨૮૦૦)ની મૂડીમાથી ૨૦૦૦) છ'રી પાળતા સંઘમાં ભાવભર્યા હૈયે ખર્ચે, ખરેખર સાભળ નારના હૈયા પણ હલમચી જાય અને સ્હેજે બોલી જવાય ધન્ય ડોસીમા ધન્ય ડોસીમા

આવા કૈંક છૂપારત્નો આ જગતમાં પડયા છે આપણે પણ એની ઉદાર ભાવનાની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ

---

[૧૭]

વિ સ ૨૦૧૨ નો આ પ્રસગ છે

કર્ણાટકના બીજાપુર જીલ્લામા મુધોળ નામનુ ગામ છે જ્યા જૈનોના ૧૫-૨૦ ઘરો છે અને એક સુદર જિન મદિર છે મહારાષ્ટ્ર તથા કર્ણાટક વિ પ્રદેશમા ગુરૂદેવનુ સ્વાગત કરવા માટે નગરની સમસ્ત જૈન-જૈનેતર જનતા ભારે ઉમગકાથી ઉમટતી હતી અરે, એક ગામમા તો એક ભાઈ કહે હુ તો સ્વામીજીનુ સ્વાગત-તોપ ફોડીને કરીશ લોકોએ કહ્યુ ભાઈ ! આ જૈન ગુરૂ મહારાજ છે, તોપ ન ફોડાય પણ એનો ઉત્સાહ રોકવાની કોઇની તાકાત ન હતી જ્યારે ગુરૂદેવ ગામ બહાર પધાર્યા ત્યારે તેણે પાચ તોપ ફોડીને સ્વાગત કર્યું હતુ મોટા ભાગે હરેક સ્થળે નાના મોટા ગામમા જ્યાં જૈનોની વસ્તી હોય કે ન હોય પણ જાહેર વ્યાખ્યાન દ્વારા જનતાને લાભ આપવામા આવતો હતો સૌ કોઇને મ્હેસુર સરકાર દ્વારા પ્રથમથી જ ખબર પડી જતી હતી કે આજે મોટા જૈનોના ગુરુ પધારવાના છે જ્યા મ્હેસુર સરકાર તરફથી સર્વત્ર સ્વાગત માટે પોલીસો, સુપરીન્ટેન્ડેન્ટો, ફોજદારો વિ અમલદારો હાજર હોય ત્યા જનતા એકત્રિત થાય એ સ્વાભાવિક છે સ્થળે સ્થળે

પૂ ગુરુદેવ-આત્મા આદિ વિષયો પર જાહેર વ્યાખ્યાનો આપતા હતા

આ મુધોળ ગામમા પણ સમસ્ત જનતાએ શ્રીસંઘે અને નગરપતિએ ગુરુદેવનુ મોટી સખ્યામાં મળી ભાવ ભીનુ ભવ્ય સ્વાગત કર્યું હતું ૭-૮ દિવસની સ્થિરતા દરમ્યાન દરરોજ જાહેર ધર્મશાળામા ગુરુદેવના જાહેરવ્યાખ્યાનો થતા હતા સેકડો સ્ત્રી પુરુષોથી હૉલ ખીચોખીચ ભરાઈ જતો હતો વ્યાખ્યાનમા થોડુ મોડુ થતુ હતુ મોટી સખ્યામા વકીલો, શિક્ષકો અને અમલદારો હાજર રહેતા હતા કોર્ટમા જવાનુ સૌને મોડુ થતુ હતુ અત્રેના જજ સાહેબ પણ અવરનવર આવતા હતા જજસાહેબે વકીલો વિ સૌને કહી દીધુ કે તમે સ્વામીજીનુ વ્યાખ્યાન સુખેથી સાભળો હુ કોર્ટ એક કલાક મોડી શરૂ કરીશ પૂ આચાર્યશ્રીના વ્યાખ્યાનોનો આમ જનતા ઉપર કેવો પ્રભાવ પડતો હશે તે ઉપરની વાતથી સ્હેજે વાચકો સમજી શકશે

છેલ્લા દિવસે એક પ્રસિદ્ધ વકીલે ઉભા થઈ પોતાના વકતવ્યમા જણાવ્યુ કે હુ કોલેજમા હતો ત્યારે મે તત્વ જ્ઞાનનો-ફીલોસોફીનો વિષય લીધો હતો પણ વર્ષોના અભ્યાસમા જે તત્વજ્ઞાન હુ મેળવી શકયો નથી તેવુ અદ્‌ભૂત તત્ત્વજ્ઞાન મને પૂ મહારાજશ્રીના સાત આઠ પ્રવચનોમાથી મળ્યુ છે મહારાજશ્રી એક પ્રતિભાસપન્ન વકતા છે એમના તત્ત્વજ્ઞાન ભર્યા અને વિદ્વત્તાભર્યા પ્રવચ નોમાથી અમને ઘણુ જાણવા મળ્યુ છે, તેઓશ્રીનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે ખરેખર જૈન સાધુઓ જ્ઞાનની પરબ સમા છે જૈનાચાર્યોના વ્યાખ્યાનો કેવા

વિદ્વત્તાસર્યા હોય છે, જે જ્ઞાન વિદ્યાર્થીઓને સ્કૂલ–કોલેજ કે યુનિવર્સીટીમાથી નથી મળતુ, તેનાથી અનેક ગણુ જ્ઞાન ત્યાગી વિદ્વાન વકતા સાધુઓના વ્યાખ્યાનમાથી મળે છે

---

[૧૩]

તામિલનાડ પ્રદેશમા જ્યારે અમે ગુરુદેવની સાથે વિચરતા હતા ત્યારનો આ એક પ્રસગ છે મોટા ભાગે અમારો મુકામ સ્કુલ, કોલેજ યા બગલામા થતો હતો ને કડો માઈલમા લાગ્રેજ જૈનો જોવા મળતા હતા, અમે એક હાઈસ્કૂલમા ઉતર્યા હતા સ્કૂલનો સમય થતા હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકો બયત અતુલ્તાથી આશ્ચર્ય વદને સાધુમડળીને નિરખવા લાગ્યા શિક્ષકોએ વિદ્યાર્થીઓને બોધ આપવા વિનતી કરી એ વિનતીને માન આપીને પૂ ગુરુદેવે સાજે પ્રવચન આપ્યુ પ્રવચનની શરૂઆતમા જ સ્કૂલના હેડમાસ્તરે પોતાના વકતવ્યમા જણા યુ કે આજે આપણા માટે એક અપૂર્વ અવસર અને સુવર્ણ દિવસ છે કે આવા પવિત્ર સતોના દર્શન અને તેમની વાણી શ્રવણ કરવાનો સુયોગ આપણને સાપડયો છે આજ સુધી તો તામિલ સાહિત્ય દ્વારા, ત્રિપુરલ આદિ ગ્રન્થો દ્વારા પૂર્વ મહર્ષિઓ અને જૈન શ્રમણોના ત્યાગ તપની વાત અમારા જાણવામા આવી હતી પણ એ ભૂતકાળની વાત છે એમ અમે માનતા હતા પણ આજે નજરો નજર

આવા ત્યાગી પવિત્ર જૈન શ્રમણોના ત્યાગનાં દર્શન કરી અને એમની તેજસ્વિતા નિહાળી આપણું હૈયું સહજ્મા એમના ચરણોમા ઢળી પડે છે હું એઓશ્રીનો ખૂબ ખૂબ આભાર માનુ છુ ત્યારબાદ આ પ્રસગની સ્મૃતિ તાજી રહે તે માટે તેમણે સમૂહ તસ્વીરો લીધી હતી આ હાઈસ્કૂલમા ચોમેરથી ૭૫ ગામના બાળકો ભણવા માટે આવતા હતા એ બધાને તામિલ ભાષામા તાજે તરમા જ પ્રગટ થયેલ (જૈન-ધર્મ) આર્હતધર્મપ્રકાશ નામની પુસ્તિકા વિતરણ કરવામા આવી હતી. સૌ નત મસ્તકે બહુમાન પૂર્વક તેનો સ્વીકાર કરતા હતા

આ રીતે સર્વત્ર ગુરુદેવ દ્વારા ધર્મનો ઉત્તમ પ્રચાર કરવામા આવતો હતો અને સૌના ઉપર અનોખો પ્રભાવ પડતો હતો આજે પણ જૈન શ્રમણો કેવો ભવ્ય ઉપકાર કરી રહ્યા છે! કેવી ઉચી આપણી શ્રમણ સસ્થા છે!

---

[૧૪]

જ્યારે અમે આરકાટથી મદ્રાસ તરફ વિહાર કરતા હતા ત્યારે એક નાનકડા ગામમા ધર્મશાળામા અમારો પડાવ હતો. આરકાટના અનેક ભાવિકો અમારી સાથે આવ્યા હતા. અમારા મુકામથી થોડેક દૂર એક વૃક્ષ હતું. તેના ઉપર મધપૂડો હતો એ મધપૂડા ઉપર છોકરાઓ

રોજે વધી પત્થરો ફેંકતા હતા શ્રાવકો દ્વારા અમે તેમને ના પાડી આમ નં કરો, તમારી રમતથી બિચારી મધમાખીઓનો નાશ થાય છે એના પ્રાણ જાય છે શ્રાવકોએ વારવા-સમજાવવા છતા છોકરાઓએ ન માન્યુ અને પત્થરો ફેંકવાનુ ચાલુ રાખ્યુ બસ થોડી જ વારમાં એક ચમત્કારિક બનાવ બન્યો અને તે એ કે એ છોકરાઓના-ઘર-ઝુપડા નજીક જ હતા એને એકદમ આગ ઘેરીવળી અને જોતજોતાના તો એ બધા ઝુપડા બળીને ભસ્મ થઈ ગયા એ બધા લોકો કરુણ વિલાપ કરવા લા ગ્યા, પ્રસકે પ્રસકે રડવા લાગ્યા કે જે આપણાથી જોયું ન જાય ભલભલાના હૃદયને કપાવી મૂકે તેવુ આ કરુણ દૃશ્ય હતુ

અમને થયુ કે જુઓ અતિ ઉત્કટ પુણ્ય અને પાપનુ ફળ આ જન્મમા પણ કેવુ તત્કાળ મળે છે

અમે સાથે આવેલા શ્રાવકોને ભલામણ કરી કે જાવ એમને મદદ કરો તરતજ શ્રાવકોએ સારી જેવી ટીપ કરી અને એમના કકળતા હૈયાને ઠાર્યા અને સાત્વન આપ્યુ જૈનોની ઉદારતા અને એમની કરુણ ભાવનાના ખૂબ ખૂબ ગુણગાન થવા લાગ્યા

---

[૧૫]

તામિલનાડનોજ આ પ્રસંગ છે ગામ બહારની તૂટી ફૂટી જુનાણી ભરેલી બારી-બારણા વિહિત ધર્મશાળામા અમે

ઉતર્યા હતા, થોડીવારમા એક શિકારી હાથમા બંદુક લઈ સામે રહેલા એક તળાવમા શિકાર કરવા આવ્યો અમારાથી આવુ દશ્ય કેમ જોયુ જાય, ગુરુદેવે એક સાધુને મોકલી તેને બોલાવ્યો અને ઉપદેશ આપ્યો કે ભલા માણસ આમ બીજાના પ્રાણુ લેવાથી આત્મા ને કેવા અને કેટલા દુખો સહન કરવા પડશે એનો ખ્યાલ છે? કઇ પરલોકનો ભય છે કે નહિ? ત્યારે તેણે જવાબ વાળ્યો કે મહારાજ ? ! શુ કરુ પેટ પુરતુ અનાજ મળતુ નથી એટલે મારે ન છુટકે આ ધધો કરવો પડે છે સાથેના શ્રાવકભાઈએ તેને મદદ કરી અને હમેશ માટે તેણે શિકારનો ત્યાગ કર્યો

---

[૧૯]

એક માસ પહેલાની જ આ વાત છે પૂ ગુરુદેવની તબીયત જરા ખ રાબર ન હતી, એક ડોકટર તબીયત જોવા માટે આવ્યો, ડોકટરે ગુરુદેવને કહ્યુ ! મહારાજ શ્રી ! થોડા દિવસ પહેલાજ મને મળવા એક અમેરિકન આવ્યો હતો એને અહીનુ દશ્ય જોઇ ઘણો જ અચબો થયો તેને થયુ કે અમારી પાસે પૈસા છે છતા શાતિ નથી, વારવાર મોટરો બદલીએ છીએ, અને રહેવાના ઘરમાય તૃપ્તી નહિ વારવાર મકાનો બદલીએ છીએ સુખ અને શાતિને માટે વલખા મારીએ છીએ, પણ કેમેય

સતોષ નવી, ઘડીમાં આ એઈએ [illegible]
ને મઝના પછી થોગ દિવસ [illegible]
બનારી સ્થિતિ છે, જ્યારે મને [illegible]
જોવાના આવે છે એક સુપાત્ર અને [illegible]
માનવી પણ કેવી ઘેરી નિદ્રાનો [illegible]
વાત સાભળી ગુરુદેવે કહ્યુ ત્યા [illegible]
વિધ સાધનો છે પણ આધ્યાત્મિક [illegible]
સમજ્ઞાન વગર સુખ અને શાંતિ [illegible]
મતો, મહતો અને મહાન [illegible]
જનતાના હૃદયમા સુસસ્કારો [illegible]
સસ્કૃતિનો પ્રભાવ વધવા [illegible]
સુખનો અનુભવ થાય છે એ [illegible]
સસ્કૃતિનો છે (વિ. સ ૨૦૧૬ [illegible]

[૧૭]

થોડા દિવસ પૂર્વની [illegible]
દરરોજ પૂ ગુરુદેવનુ પ્રવચન [illegible]
નમા ઢોક વેગા તો એવી [illegible]
એવુ સચોટ વર્ણન થતુ કે [illegible]
જાય અને આત્મા પાપથી [illegible]
ભાઈ, એક ભાઇને કહે જરા [illegible]
મગવુ છે ઘર બાજુમા જ [illegible]
ભાઇને ત્યા ગયા, આવનાર [illegible]
આજથી ૩–૪ વર્ષ પહેલા [illegible] ભાઈ
હતો તેમા–૪–૫ મુદ્દા વધારે [illegible] માટે
[illegible] છત

માલ પચાવી પાડવાની વૃત્તિના કારણે મે તમને એ મુદ્દાની વાત પણ ન કરી અને પાછા પણ ન મોકલ્યા, હમણા હમણા ગુરુ મહારાજનુ વ્યાખ્યાન સાભળુ છુ અને આત્માને કરેલા પાપોની કમારી છૂટે છે રે આત્મા ! તારી શી દશા થશે, મને પહેલાની વાત યાદ આવી અને મને થયુ કે એ પાપથી છૂટી જઉં ! એટલા માટે ટચો આ કવર રૂા ૫૦) ૫ લાગ છે તે વખતના તમારા ૪-૫ મુદ્દા વધારે આવી ગયા હતા તેના, પેલા ભાઈ તો આ વાત જાણતાય નહોતા તે વખતે બે ભાગીદાર હતા અને આજે તો બન્ને ભાગી દારો છૂટા થઈ ગયા છે એટલે આ બીજા ભાઈ રૂ પચાસ લેના વિચાર કરે છે સારી ભાવનાઓનુ પ્રતિ બિબ કેવુ સારુ પડે છે બૂરી ભાવનાનુ પણ તરત જ ખગળ પ્રતિબિબ સામાના હૃદયમા પડે છે એ વાત પણ રખે ભૂલતા પેના ભાઈ તો રૂ ૫૦ આપી ચાલતા થયા હેનાર ભાઈ પહેલાના ભાગીદારને મળ્યા ભાઈ આ હકીકત છે ૫૦) એક ભાઇ આપી ગયા છે, તે વખતે આપણે બન્ને ભાગીદાર હતા દસ આની છ આની હતી તમારા તમે લઈ લો, મારા હુ એક સાધર્મિભાઈને આપી દઇશ બીજો ભાગીદાર કહે મારા પણ આપી દેજો, ૫૦ ાા એક ઉમેરી આ ભાઇએ ૫૧ એક સાધમીને પહોચાડી દીધા

કોણ કહે છે કે લોકો ઉપદેશ સાભળીને કપડા ખખેરીને ઉઠી જાય છે, અરે પડચો પોદરો પણ કઇક ને કઇક ધૂળ લે છે, પત્થર પણ દોરડાથી ઘસાય, તો શુ માનવ

હૃદય પત્થરથી પણ વધુ કઠણ છે ના ના એને નિમિત્તની જરૂર છે ભવિતવ્યતાનો પરિપાક થતા અધમ અને મહાપાપી આત્માઓ પણ તે જ ભવમાં મોક્ષ ગામી બન્યા છે ભલ-ભલા ક્રૂર-હિંસક આત્માઓ પણ ગુરુના ઉપદેશથી હિંસા અને શિકાર છોડે છે, ચોરી જારીનો ત્યાગ કરે છે માણસને માપવાનું યંત્ર આપણી પાસે નથી કે જેથી આપણે થર્મોમીટરની જેમ જોઈએ કે આ ભાઈને કેટલી અસર થઈ છે એ તો એનો આત્મા જ જાણે, યા કોઈ અતિશય જ્ઞાની જાણી શકે ત્યાગી ગુરુ મહારાજનો ઉપદેશ શ્રવણ કરીને જ નેકડો હજારો આત્માઓ સંસારનો ત્યાગ કરી સંયમના પંથે સીધાવે છે, હજારો લાખો ધનધારી બને છે અને કેક આત્મા પશ્ચાત્તાપથી નિજના પાપ પખાળે છે આ શક્તિ છે જૈન સાધુઓની ત્યાગ પૂર્ણ અને પ્રભાવપૂર્ણ દેશનાના માટે જ આપણે વારવાર પ્રેરણા કરીએ છીએ કે ભાઈઓ વ્યાખ્યાન સાભળો, જેટલી વાર સાભળશો તેટલી વાર તો મહાલાભ, અરે અસર થાય તો ઉદ્ધાર થઈ જાય એમાથી અવનવુ જાણવા મળે, શ્રુતસામાયક થાય, એટલી વાર પાપથી આત્મા બચી જાય, જેમ શરીર ખોરાક વગર ન ટકે તેમ આત્માને પણ ખોરાકની જરૂર છે અને તે એ કે રોજના રોજ આત્માને-આત્મ જ્ઞાનનું પાન કરાવો પ્રવચનો સાંભળો, સારુ સાહિત્ય વાચો, આ છે આત્માનો પુષ્ટિ કારક ખોરાક, તેના સેવનથી આત્માનો વિકાસ થાય છે, અભ્યુદય થાય છે અને પ્રગતિ થાય છે

[વિ સં ૨૦૭૦, શાન્તિનગર-અમદાવાદ]

[૧૮]

'વિ-સ ૨૦૦૨ નુ અહમદનગરનુ ચાતુર્માસ પૂર્ણ કરી ગુરુદેવ ઘોડનદી પધાર્યા, ત્યાંના સઘે એક મહોત્સવ શરૂ કર્યો, રસ્તાવચ્ચે જ વિશાળ મડપ વ્યાખ્યાન માટે ઊભો કરવામા આવ્યો જૈનોના તો ૨૦-૨૫ જ ઘર હશે! પણ શ્રોતાઓ ૫૦૦ની સખ્યામા એકત્રિત થતા હતા, એટલે કે-વૈષ્ણવો મુસલમાનો અને ઈતરો રસપૂર્વક વ્યાખ્યાનો સાભળતા હતા એક વખત હુ બહાર સ્થડિલે (ટટ્ટી) ગયો હતો કેટલાક ડૉક્ટરો તેજ રસ્તે ફરવા નીકળેલા, પણ જરા એ મશ્કરી કરતા જણાયા, મને થયુ-સાધુ પુરુષની મશ્કરી કરે એ ઠીક નહિ, કઈક-હિત શિક્ષા આપુ આમ તો હુ રસ્તે જતા માણસ સાથે વાત ન કરુ પણ મશ્કરી કરે તો જરૂર વાત કરુ! મે જરા હસીને કેમ છો? એમ બધા ડોક્ટરોને કહ્યુ એ બધા જરા શરમાયા પછી ધીરે રહીને મે કહ્યુ તમે બધા શરીરની દવા કરો છો પણ આત્માની દવા અમારી પાસે છે અને તે લેવી જરુરી છે અમારા ગુરુદેવ બહુ વિદ્વાન છે બહુ સરસ-યુક્તિ દ્રષ્ટાત પૂર્વક આત્મા આદિ તત્ત્વોને સમજાવે છે, તમે એક વખત આવો અને જરૂર સાભળો બજાર વચ્ચે જ મડપમા જાહેર વ્યાખ્યાનો થાય છે, સકોચ રાખવાની જરૂર નથી અને એ તો બીજા જ દિવસથી જ

ત્રણ ચાર ડૉક્ટરો આવવા લાગ્યા ખૂબ રસ પડયો, એમને બીજા ડૉક્ટરોને વાત કરી ઘણી મોટી સખ્યામા ડૉક્ટરો આવવા લાગ્યા કારણ કે અહીં ડૉક્ટરોને ટ્રેનીંગ આપવાની શાળા હતી એટલે મોટી સખ્યામાં ડૉક્ટરો અહીં ટ્રેનીંગ લેવા રહેતા હતા

લગભગ-૭-૮ દિવસ આ બધા ડૉક્ટરોએ ગુરુદેવનુ પ્રવચન સાભળ્યું છે લે દિવસે એક ડૉક્ટરે સભા વચ્ચેજ ઊભા થઈને જણાવ્યુ ! નાના ગુરુજીનો અમે ઘણો ઉપકાર માનીએ છીએ કે તેઓએ અમને આપના વ્યાખ્યાનો સાભળવા પ્રેરણા કરી સાચુ કહુ તો અમે તો તેમની મશ્કરી-મજાક ઉડાવતા હતા પણ એ મજાકે અમને સજાગ કરી દીધા અમે એ બાબતની માફી માગીએ છીએ અને આપના પ્રવચનથી અમને ભોગમા મોટો લાભ એ થયો કે અમે આત્માને નહોતા માનતા પણ અમને હવે આત્મા છે એમ વિશ્વાસને શ્રદ્ધા થઇ છે અને આત્મા માટે જરૂર ખ્યાલ રાખીશુ આપનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે

આ ખૂબી છે જૈન સાધુના ઉપદેશમા કે મજાક ઉડાવનારા પણ સજાગ બને છે

---

[૧૯]

પૂ ગુરુદેવ આદિ વિ સ ૨૦૦૭ના મા ાસર વદ ૧૦ના મુબઈથી વિહાર કરી મહારાષ્ટ્ર તરફ પ્રયાણ કરતા હતા

વિહારમા ચોક-અને પનવેલની વચ્ચે પોલીસ ચોકી આવે છે ત્યા તે દિવસે મુકામ રાખવાનો હતો કારણ કે વિહાર લાબો હતો એટલે અહી સ્થિરતા કરવી પડી હતી પણ જે પોલીસ ચોકીમા મુકામ કરવાનો હતો ત્યા એક સરકારી અમલદાર કે જેઓ જાતિના મુસલમાન હતા તેઓ ઉતર્યા હતા-આજુબાજુમા થોડી જગ્યા હતી શ્રાવકોએ ત્યા ઉતરવા માગણી કરી પણ આ ઓફીસરે ના પાડી એટલે નાના સરખા હનુમાનજીના મંદિરમા મુકામ કરવો પડયો, પણ સખત ગરમી, ઉપર પતરા તપે-પગ લાબા કરાય તેટલી પણ જગા નહોતી જૈન સાધુઓના વિહારમાં જે સાથે રહે તેને ખબર પડે કે, જૈન સાધુઓ કેટલા કષ્ટો સહી ને પણ દેશ-પરદેશ વિચરી જગત ઉપર અસીમ ઉપકાર કરે છે

સમી સાજે બહાર સ્થડિલે જતા હુ એક પૂલ ઉપર જઈ બેઠો, ઠંડો પવન અને શાત વાતાવરણ હતુ એટલે સ્વાભાવિક મારા મુખમાથી તે અરસામાજ મે રચેલુ "જ્ઞાનના એ દીવડા" ગીત કુદરતી સરી પડયુ, અને પેલા મુસલમાન ઓફીસરના કાને અથડાયુ સગીત અને ગીતનો પ્રભાવ અનોખો છે, આગીતે એ ઓફીસરનુ જબ્બર આકર્ષણ કર્યું અને તરત જ તેઓ ગુરુદેવ પાસે આવ્યા અને કહ્યુ મહારાજશ્રી! પધારો ધર્મશાળામા આપણને કયા રીસ હતી, ચલો' ગયા અમે બધા ચોકીમા, રાતના બાર વાગ્યા સુધી ગીતો, ભજનો એ મુસલમાન ઓફીસર

સાભળતાજ રહ્યા ગુરુમહારાજે બે મીઠા શબ્દથી ઉપદેશ આપ્યો, ઍાફીસરે માફી માગી અને ઉપકાર માન્યો

નિમિત્તો શુ કામ કરે છે તે આથી સમજી શકાશે ગીન શ્રવણ કરવાનુ નિમિત્ત ન મળ્યુ હોત તો શુ આ મુસલમાન ઑફીસરનુ હૃદય આટલુ પરિવર્તન થાત! 'સગ તેવો રગ' સોબત તેવી અસર' માટે આત્માને સારા નિમિત્તોની ખૂબ જરૂર છે બુરા નિમિત્તોથી આ મા બુરા માર્ગે ન દોરાય તે પહેલા જાગૃત થવાની જરૂર છે

---

[૨૦]

બીજાપુરની નજીક કર્ણાટકમા આગનકોટ નામનુ શહેર છે, ત્યા ત્યાના જૈન સઘની આગ્રહ ભરી વિનતીથી પૂ ગુરુદેવ પ્રતિષ્ઠા મહોત્સવ માટે સસ્વાગત પધાર્યા હતા જાહેર સ્થળોમા ગુરુદેવના જાહેર પ્રવચનો યોજાતા હતા અને નગરની જનતા તેનો ઉલટભેર લાભ લેતી હતી ત્યાની જનતાના અતિ આગ્રહથી શતાવધાનનો ભવ્ય કાર્યક્રમ પણ રાખવામા આવ્યો હતો, ત્યાની મ્યુનિસિપાલીટીએ અને નગરપતિએ ગુરુદેવને સન્માન પત્ર સમર્પણ કરવાનો ભવ્ય સમારભ યોજ્યો ગુરુદેવ આદિ સાધુ સમુદાય મ્યુનિસિપલ હોલમા સન્મા ત પધાર્યા, સમૂહ તસ્બીરો લેવાઇ, ગુરુદેવે પ્રભાવપૂર્ણ પ્રવચન આપ્યુ, નગરપતિએ સન્માન પત્ર વાચી નભળાવી ગુરુદેવને સમર્પણ કર્યુ

ગુરુદેવે આ સન્માન પત્રના જવાબમાં જણાવ્યું કે જૈન સાધુ ઓને માન અપમાન સમાન હોય છે એટલે માનપત્રની કંઇ જરૂર નથી છતાં તમારા સૌના ઉત્સાહનો ભંગ ન થાય અને આ બ્હાને પણ કંઈક લાભનું કાર્ય થઈ જાય એ દૃષ્ટિએ મેં હા પાડી હતી અમને માનપત્રમાં એટલી ખુશી નથી પણ તમે લોકો બેંગ્લોરના મેયર શ્રી સીતા રામય્યાએ જે કાર્ય કર્યું, તેવું કંઈક કરો તો જરૂર અમને ખુશી થાય, બેંગ્લોરના મેયરને મેં બે દિવસ કતલખાના બંધ રહે તે માટે પ્રેરણા કરી હતી, જ્યારે તેઓ દર્શનાર્થે આવ્યા ત્યારે, આ વાત સાંભળીને તરત જ તેમણે મ્યુનિસિપાલિટીના ૭૦ સભ્યો વચ્ચે પ્રસ્તાવ મૂક્યો અને સૌએ એક મતે વર્ષના ચાર દિવસ કાયદેસર કતલખાના બંધ રહે તેનો ઠરાવ કરી અને મારા ઉપર મોકલી આપ્યો તે દિવસે માંસ પણ ન વેચાય તેવું પણ ખાસ જણાવવામાં આવ્યું હતું, ફરી જ્યારે મેયર શ્રી દર્શનાર્થે આવ્યા ત્યારે મેં તેમને આ સુંદર કાર્ય કરવા બદલ ખૂબ ધન્યવાદ આપ્યા અને પુનઃ પ્રેરણા કરી કે હવે તમે આખા મ્હૈસુર સ્ટેટમાં જ્યાં જ્યાં મ્યુનિસિપાલિટી હોય ત્યાં આ ઠરાવ મોકલી આપો જેથી મેયરે ઠરાવની નકલ મ્હૈસુર સ્ટેટના મોટા મોટા ૨૦ થી ૨૫ ગામોમાં મોકલી આપી અને જણાવ્યું કે સ્વામીજી (ગુરુદેવ) ના ઉપદેશથી અમે વર્ષના ૪ દિવસ કતલખાના બંધ રાખવાનો ઠરાવ કર્યો છે, તમે પણ આ વસ્તુનું અનુકરણ કરો, બેંગ્લોરનો મેયર મોટો કહેવાય એટલે ૨૦ થી ૨૫ ગામની મ્યુનિસિપાલીટી તરફથી

ઠરાવોની નકલ આવી ગઈ, જેમાં ઓછામાં ઓછા ૪ દિવસ અને વધુમાં ૯ દિવસ કતલખાના બંધ રાખવાના ઠરાવો હતા

ઉપરની વાત કહીને ગુરુદેવે સૌ સભ્યોને ઉદ્દેશીને જણાવ્યું કે તમો પણ કંઈક આવું કાર્ય કરો તો જરૂર અમને ખુશી થાય તરતજ સૌ સભ્યો ઊભા થઈ ગયા અને કહ્યું કે ૧૫ દિવસની અંદર અમે પણ વર્ષમાં બે દિવસ કતલખાના બંધ રહે એવો ઠરાવ કરીને આપને મોકલાવી આપીશું અને તેજ પ્રમાણે ૧૫ દિવસ પછી બાગલકોટની મ્યુનિસિપાલીટીએ ઠરાવ કરીને ગુરુદેવ ઉપર મોકલી આપ્યો

આમતો પૂ ગુરુદેવને હુમકુર, બેલગામ નીપાણી, વિગેરે અનેક નગરપતિઓએ નગર તરફથી સન્માન પત્રો અર્પણ કર્યા છે વિશેષ જિજ્ઞાસુઓને દક્ષિણમાં દિવ્ય પ્રકાશ નામનું વિશાળ પુસ્તક જોઈ લેવા ભલામણ છે

ખાસ નોંધ પાત્ર બીના તો એ છે કે જે ગ્લોરના મેયર ને બે દિવસ કતલખાના બંધ રહે તે માટે ગુરુદેવે પ્રેરણા કરી હતી પણ મેયર સ્વામીજીનો આદેશ છે માટે બે દિવસના બદલે ચાર દિવસ કતલખાના બંધ રાખવાનો ઠરાવ કર્યો અને તે હંમેશ માટે ચાલુ રહેશે અમારા હતરીના માઈવના પ્રવાસમાં અમને સંસ્કૃતિના દર્શન થયા હોય તો મ્હૈસુર સ્ટેટમાં ભારતીય સંસ્કૃતિ અહીં ખૂબ ફાલી ફૂલી છે મોટર કે નાયકવ સામેથી આવતી હોય, પણ સ્વામીજી

એટલે ગુરુજી દેખાય તો તરત સાયકલ મોટર ઊભી રાખે અને નમસ્તે કરતા જાય

---

[૨૧]

વિ સ ૧૯૯૦-૯૧ ની આસપાસમા ચાણસ્માના શ્રાવકોએ વિનતી કરી કે ગુરુદેવ! અહીંથી થોડે દૂર રામપુરા નામનુ ગામ છે ત્યા ચોરોના સવાસો ઘર છે એ લોકો લૂટફાટ ચોરી-શીકાર દારુ-માસ ભક્ષણ કરે છે, લોકોને રંજાડે છે માટે જો આપ ત્યા પધારો તો મહાન ઉપકાર થાય, ગુરુદેવ ત્યા પધાર્યા, ચોરોએ સ્વાગત કર્યું, ગુરુદેવે સચોટ અને અસરકારક શૈલીથી મનોહાર પ્રવચન આપ્યુ આ ઉપદેશની ચોરો ઉપર જાદુઈ અસર થઈ, તેમાના ૭૫ જણા તો ઊભા થઈને પ્રણામ કરીને કહેવા લાગ્યા બાપજી! આજથી અમે આપના ઉપદેશથી હિસા કરવાનો ત્યાગ કરીએ છીએ તેમજ માસ-મદિરા અને ચોરી ન કરવાનો નિર્ણય કરીએ છીએ આપે અમારા ઉપર અત્રે પધારી મહાન ઉપકાર કર્યો છે આમ ગામ લોકોએ છેલ્લે ગુરૂદેવનો ખૂબ આભાર માન્યો હતો

એકજ વ્યાખ્યાનનુ કેવુ અજબ પરિણામ આવ્યુ તે ઉપરના પ્રસગથી જાણી શકાય છે એજ ચોરોની પ્રેરણાથી સુણસર જવાનો પ્રસગ પ્રાપ્ત થાય છે

---

[૨૨]

જૈનાચાર્યોના ભૂતકાળના ભવ્ય ઇતિહાસને આપણે જાણીએ છીએ વર્તમાન કાળમા પણ જૈન સાધુઓ દ્વારા જૈન-જૈનેતર જગત ઉપર અસીમ ઉપકાર થઈ રહ્યો છે કેટલીક વાતો તો જનતાના કાન સુધી પહોચતી નથી. અને જનતાને જ્યારે આવી વાતો જાણવા મળે છે ત્યારે જૈન સાધુઓ ઉપર અહોભાવ જાગ્યા વિના રહેતો નથી

વિ સં ૧૯૯૦ ની આ હકીકત છે પૂ ગુરુદેવ વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ આદિ જ્યારે ધીણોજમા બિરાજતા હતા તે વખતે ગુરુદેવ મુનિ અવસ્થામા હતા (પદસ્થ નહોતા) ત્યાના આગેવાન ગૃહસ્થ શેઠ નથ્થુભાઈ લલ્લુભાઇ બાખાએ ગુરુદેવને વિનતી કરી કે સાહેબ! અહી થી ચાર ગાઉ દૂર સુણસર ગામ છે જ્યા આપણુ એકપણ ઘર નથી, પણ ચોરોના ૪૦૦ ઘર છે સિંધ વિગેરે દૂર દૂર પ્રદેશ સુ ધી આ લોકો ચોરી કરવા જાય છે આપ જો ત્યા પધારો અને ચોરોને ઉપદેશ આપો તો ઘણો લાભ થાય તેમ છે ગુરુદેવ તો સદા આવા ઉપકારના કાર્યમા તૈયાર જ હોય છે સુણસર જવાનુ નક્કી થયુ ત્યાના લોકોને પણ શેઠે ખબર આપી કે જૈન ગુરુ તમારે ત્યા પધારવાના છે પૂ ગુરુદેવ ધીણોજથી વિહાર કરી સુણસર પધાર્યા, ત્યા તમામ કોમે

વાન શ્રાવકે તે શિકારીને કામ ધધે લગાડી દીધો જેથી ફરી શિકારના માર્ગે તેનુ મન ના લલચાય

કચ્છ પલાશવા પાસે એક ભોટકીયા ગામ છે ત્યા પણ એક શિકારીએ ગુરુદેવનુ વ્યાખ્યાન સાભળીને તીર કામઠા ત્યાના ત્યા ભાગી નાખ્યા હતા અને હિસા ન કે વાની જાવજ્જીવને માટે પ્રતિજ્ઞા લીધી હતી અહિંસાની પુસ્તિકા વાચવા માત્રથી એક કુટુબે માસાહારનો ત્યાગ કર્યો, મુબઈમા થોડા વખત પહેલા જ એક શ્રીમત પારસી કુટુબે આત્મતત્વ વિચાર વાચીને હમેશ માટે માસાહારનો ત્યાગ કર્યો હતો, તેઓ પોતે જ પછી દર્શનાર્થે આવ્યા ત્યારે આ વાત કરતા હતા

એક બહેનને તપશ્ચર્યા કરવી હોયતો તેના ધણીથી છૂપી રીતે કરવી પડે કારણકે ધણી જાણે તો અતરાય કરે પણ નસ્કારમીઠી વાચ્યા પછી બહેન કહે સાહેબ ! કોઈ દિવસ હવે તેઓ મને અતરાય કરતા નથી

એક પારસીભાઇ મળ્યા સાહેબ ! રોજ નવકાર ગણુ છુ ગુરુદેવે કહ્યું તમે કયાથી નવકાર ગણવા લાગ્યા, આર્હત ધર્મ પ્રકાશ (જૈન ધર્મ) નામની પુસ્તિકા વાચ્યા પછી મને નવકાર ગણવાની ભાવના થઇ અને તેથી મને ઘણો ફાયદો થયો

મ્હૈસુરથી ૫૦ માઈલ દૂર નીલગીરીના એક પાદરીને એક ભાવિક શ્રાવકે આર્હત ધર્મની ચોપડી આપી, તેમા તેણે

જૈન સાધુઓ આવા ત્યાગી હોય છે કિ દર્શનની [illegible] ઉત્કંઠા થઈ, નીલગીરીથી ૫૦–૬૦ માઈલ [illegible] એ પાદરી નીલગીરીથી ગુરુદેવના દર્શને નીકળ્યા, અને તે [illegible] મ્હૈસુરથી વિહાર કરી રસ્તા પરની નાની [illegible] ગામમા ઉતરેલા હતા, ત્યા એ પાદરી [illegible] આવતાની સાથે જ તેઓ બોલ્યા કે હવે હુ [illegible] કરન્ત નહિ, મારુ જીવન સફળ થઈ ગયુ [illegible] કહ્યુ સ્વામીજી! આપ હીન્દી હોત તો હુ [illegible] દર્શન જરૂર કરત, બે દિવસ તેઓ [illegible] પુસ્તકમા જે પ્રમાણે જૈન સાધુના આચાર [illegible] વાતો હતી તે જ પ્રમાણે મને અહી [illegible] જાતને હુ ધન્ય માનુ છુ, એમ કહી [illegible] તે રવાના થયા એક વકીલ કહે સાહેબ [illegible] વળી આપના દર્શન કરવાની ઉત્કંઠા [illegible] પુસ્તકો છે અદ્ભૂત છે અજોડ છે, વાચન [illegible] જીવન પાવન બની ગયુ

આવા બનાવો તો ઠેરઠેર બન્યા [illegible] વિવિધ ભાષામા સાહિત્યનો પ્રચાર, સ્થળે [illegible] પ્રવચન પદ્ધતિસરનો પ્રચાર અને ઉપકાર [illegible] હોય ત્યા આવા રૂડા દૃશ્યો જોવા [illegible] મ્હૈસુર પ્રાન્તના વિહાર દરમ્યાન [illegible] ગુરુદેવના સ્વાગત-સન્માન માટે [illegible] હાજર રહેતા હતા, વિહારમા સાથે [illegible]

બદલાય એટલે નવા નવા પોલીનો આવતા રહે ફોજદારો અમલદારો કે મોટા શહેરોમા સેવામા હાજર હજુર રહેતા, આ બધા જ્યારે રજા લેવા આવે ત્યારે ગુરૂજીનો વાનક્ષેપ લે અને ગુરૂદેવ સૌને નવકાર મ ત્રની પુસ્તિકા આપી, નવકાર મ ત્ર આપતા હતા, આ રીતે સેકડો માઈલના પ્રવાસમા એ કટો પોલીસો નવકાર મ ત્ર ગણતા થયા છે વેલ્લૂરનો એક બ્રાહ્મણ નવકારનુ સ્મરણ કરતા મરણ પામ્યો, કેટલાક જૈનેતરો નવકાર મ ત્ર ગણતા થયા છે અને ખૂબીની વાત તો એ છે કે અમને એના અનુભવ વિષે પૂછતા કેટલાયના મુખેથી અમે સાભળ્યુ છે કે અમે તો આ નવકારથી સુખી થઈ ગયા, કારણ જૈનગુરૂ ઉપર શ્રદ્ધા અને શ્રદ્ધાથી ગણે એટલે જરૂર ફળ મળે, આ છે થોડા અનુભવો

---

[૨૪]

વર્તમાનકાળના વિષમ વાતાવરણમા માનવીને જીવન નિર્વાહ કરવો એ કેટલુ મુશ્કેલીનુ કાર્ય છે એ જાત અનુભવની વાત છે સાગ ઉજળા દેખાતા માણસો કેમ પેટ ભરે છે, એ તો એમનો આત્મા જ જાણે છે ખૂણે બેસીને કેક આત્માઓ બિચારા ઊનાઆસુ સારતા હોય છે એમાય નાત-જાત અને વ્યવહારમા રહેવુ રહ્યુ આવા પ્રસ ગે તમાચો મારીને મોઢુ લાલ રાખવુ પડે છે, તેમ આવેલા પ્રસ ગોને ચેન કેન પાર પાડવા જ પડે છે આવાજ એક

અંતરના દુઃખી ગૃહસ્થની તાજેતની આ એક હકીકત છે

આ ભાઈના ઘરમાં દીકરીના લગ્ન આવ્યાં. જ્યાં પેટ પરાણે ભરાતું હોય ત્યાં લગ્નના ખર્ચા કયાંથી કાઢવા. આ ભાઈએ એમ … ભાઈને વાત કરી, ભાઈ સુના ધર્મી એટલે તેમણે જાણી એમની વાત સાંભળી અને મનમાં વિચાર્યું કે આપણા સાધર્મી ભાઈને ત્યાં પ્રસંગ છે એટલે મારે તેને આવા પ્રસંગે કંઈક સહાય રૂપ થવું જોઈએ એટલે આ ધર્મપ્રેમી ભાઈએ વધુતો નહિ પણ ૩૦૦) ત્રણસો રૂપિઆ એ ભાઈને ઉછીના આપ્યા અને કહ્યું જ્યારે તમને અનુકૂળ થાય ત્યારે પાછા આપજો વાતને વર્ષોના વહાણાં વાયા પણ ૩૦૦) રૂપીઆ તો ભરપાઈ થઈ શકયા નહિ. જ્યાં પરિસ્થિતિ જ વિકટ હોય ત્યાં શું થાય

એ ભાઈ લાચાર હતા પણ જ્યારે જ્યારે આ લેણદાર સાધર્મીભાઈ દૂરથી જોવામાં આવે ત્યારે આ દેણદાર ભાઈ બીજે રસ્તે લે, આડે રસ્તે જાય, પેલા ભાઈ સામા મળે અને પૂછે, કેમ હજી આપી જતા નથી તો શું જવાબ આપવો, એ બીકના માર એને બિચારાને સૂપાઈને જવું પડતું હતું, ધર્મપ્રેમી ભાઈને થયું આ બિચારો મારાથી દૂર ભાગે છે આ ધર્મપ્રેમી ભાઈને તાજેતરમાં ગુરુ મહારાજની વાણી આરપાર ગોચરી ઉતરી ગઈ હતી, એટલે ધર્મપ્રેમી ભાઈ પોતે સામેથી દેણદાર ભાઈને ત્યાં ગયા અને કહ્યું કે મેં પેલા રૂપીઆ માંડી વાળ્યા છે જરાય ફીકર ન કરતા મને જોઈને તમને આઘાત લાગે, આડા

આવવા જવુ પડે પણ હવે એમ ન કરતા, મારી દુકાને આવજો હુ તમને પાવતી લખી આપીશ કે મને રૂપીઆ મળી ગયા છે હવે કઈ લેવા દેવા નથી મારી ગેર હાજરીમા કદાચ કોઈ તમારી પાસે લેવા આવે માટે ચૂકતે મળી ગયા છે એમ ચીઠ્ઠી લખી આપીશ

પેલા દેણદાર ભાઈને થયુ કે વાહરે સાધર્મીભાઈ ! આવા સાધર્મીભાઈઓ, બહુજ વિરલ છે આજે આપણા સાધર્મીભાઈઓ કેવા સીદાઈ રહ્યા છે કેવી કંગાલીની સ્થિતિમાથી પસાર થઈ રહ્યા છે આવા કપરા કાળમા જે આપણી લક્ષ્મીનો ઉપયોગ સાધર્મીભાઈના કામમા નહિ આવે તો પછી કયારે એ લક્ષ્મી કામ આવશે લક્ષ્મી તો ચચળ છે હે ! ફેરા કરવાનો એનો સ્વભાવ છે છે ત્યા સુધી તેનો સદ્વ્યય કરી લેશે તો પુણ્યનુ અનેરુ ભાથુ બધાશે આ વાત અમારા સાધર્મીભાઈઓ કયારે હૃદયમા ઉતારશે

---

[૭૫]

વિ સ ૨૦૧૨ નુ ચાતુર્માસ (કર્ણાટક) બીજાપુરમા કરી ત્યાથી વિહાર કરી પૂ ગુરુદેવ સોલાપુર પધાર્યા હતા શહેરમા પધારવાના આગલા દિવસે નગર બહારની શેઠ ઠાકોરભાઈ વલસાડવાળાની મીલમા એક દિવસ મુકામ કરવામા આવ્યો હતો, અને પૂ આચાર્ય મહારાજનુ પ્રવચન

નાખવામા આવ્યું હતું, જેનો ઉપરંત અનેક પ્રતિષ્ઠિત જૈનેતરો પણ હાજર હતા વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ એક પારસીભાઇ પૂ મહારાજશ્રીને કહેવા લાગ્યા કે મહારાજ શ્રી ! આપનો ઉપદેશ અમારા માટે તો નકામો છે કારણ કે આપે તો પ લોક સુધારવાની વાત કરી અને અમે તો પરલોકને માનતા નથી પૂ મહારાજશ્રીએ તે પારસી ભાઈને ખૂબ મીઠાશથી પૂછયુ તમારા મત પ્રમાણે જે ધમ કરે તે કયા જાય ?

પારસીભાઇએ કહ્યુ તે બિસ્તમા (સ્વર્ગ) જાય અને અને પાપ કરે તે દોઝકમા (નરક) જાય

ત્યારે પૂ મહારાજશ્રીએ જણાવ્યુ કે જે અમુક પ્રમાણમા ધર્મ કર તે (સ્વગ) ભીસ્તમા જાય, પણ હુ પૂછુ છુ કે જે માણસ ન્હેજ–બીલકુલ સામાન્ય ધર્મ કરે તે કયા જાય ! ત્યારે પારસીભાઈ વિચારમા પડી ગયા અને કહેવા લા યા ગુરુજી ! આ વાત તો અમારે ત્યા નથી આવતી

ત્યારે ગુરુદેવે જણાવ્યુ કે જે સામાન્ય ધર્મ આચરવાથી સ્વગમા ન જવાય એવી ધર્મક્રિયા જેને કરી છે અને દોઝકમા જવાય તેવા પાપ કર્યા નથી તો તે કયા જાય ! એટલે પારસીભાઈ મુ જાયા અને વિચારમા પડયા

ત્યારે ગુરુમહારાજે કહ્યુ એવી જ રીતે જે માણ્ રે દોઝકમા જવા જેટલા પાપ નથી કર્યા પણ બહુ જ ઓછા પાપ કર્યા છે અને ધર્મ કરણી જરા પણ કરી નથી તો તે કયા જાય ? તમારા મન પ્રમાણે દોઝકમા કે ભીસ્તમા એ જઇ શકે નહિ

મહારાજશ્રીની આ વાત સાભળીને મુન તે ભાઈ વિચારમા પડીગયા અને કહેવા લાગ્યા ગુરુજી આ વાતનો ખૂલાસો તો અમારે ત્યા નથી

એટલે ગુરુદેવે કહ્યુ ત્યારે આ વાત પણ તમારે ત્યા અધૂરી છે

પારસીભાઈની જિજ્ઞાસા વધી ત્યારે મહારાજશ્રીએ એમને સમજાવ્યુ કે જે માણસ ઓછી ધર્મ ક્રિયા કરે તે માણસ થાય અને ઓછા પાપ કરે તે જનાવર ગતિમા જાય, મનુષ્ય અને જાનવ ની ગતિ તો નજરે દેખાય છે અને ભીસ્ત અને દોઝક તમારા શાસ્ત્ર પ્રમાણે સિદ્ધ છે અને બીજી વાત આત્માને તમે અમર માનો છો અને ભીસ્તમા ગયેલો આત્મા તેમજ દોઝકમા ગયેલો આત્મા ત્યાથી નીકળતો નથી અને તમે અહી મનુષ્ય થયા છો તો તમે કયાથી આવ્યા ? એટલે પૂર્વજન્મ અને પુનર્જન્મ ન હોય તો આ વસ્તુ બને નહિ

આ બધી વાત સાભળીને પારસીભાઇ ખૂબ જ પ્રભાવિત થયા પરલોકને માનવા લાગ્યા અને જયા સુધી મોલાપુરમા સ્થિરતા હતી ત્યા સુધી હમેશા વ્યાખ્યાનનો લાભ લેતા રહ્યા, નિજને ધન્ય માનવા લાગ્યા અને પૂ મહારાજશ્રીનો ખૂબ જ આભાર મનના લાગ્યા

જૈનાચાર્યોની જૈનેતરને સમજાવવાની કળા અનોખી હોય છે એનો આ એક નમુનો છે

મહારાજશ્રીની આ વાત સાભળીને પુન તે ભાઈ વિચારમા પડીગયા અને કહેવા લાગ્યા ગુરુજી આ વાતનો ખૂલાસો તો અમારે ત્યા નથી

એટલે ગુરુદેવે કહ્યુ ત્યારે આ વાત પણ તમારે ત્યા અધૂરી છે

પારસીભાઈની જિજ્ઞાસા વધી ત્યારે મહારાજશ્રીએ એમને સમજાવ્યુ કે જે માણસ ઓછી ધર્મ ક્રિયા કરે તે માણસ થાય અને ઓછા પાપ કરે તે જનાવર ગતિમા જાય, મનુષ્ય અને જાનવ ની ગતિ તો નજરે દેખાય છે અને ભીસ્ત અને દોઝક તમારા શાસ્ત્ર પ્રમાણે સિદ્ધ છે અને બીજી વાત આત્માને તમે અમર માનો છો અને ભીસ્તમા ગયેલો આત્મા તેમજ દોઝકમા ગયેલો આત્મા ત્યાથી નીકળતો નથી અને તમે અહી મનુષ્ય થયા છો તો તમે કયાથી આવ્યા ? એટલે પૂર્વજન્મ અને પુનર્જન્મ ન હોય તો આ વસ્તુ બને નહિ

આ બધી વાત સાભળીને પારસીભાઇ ખૂબ જ પ્રભાવિત થયા પરલોકને માનવા લાગ્યા અને જ્યા સુધી સોલાપુરમા સ્થિરતા હતી ત્યા સુધી હમેશા વ્યાખ્યાનનો લાભ લેતા રહ્યા, નિજને ધન્ય માનવા લાગ્યા અને પૂ મહારાજશ્રીનો ખૂબ જ આભાર મનવા લાગ્યા

જૈનાચાર્યોની જૈનેતરને સમજાવવાની કળા અનોખી હોય છે એનો આ એક નમુનો છે
